વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૧૦











## પૂર રાહત કાર્ય

તાજેતરમાં આવેલા ભારે વરસાદને કારણે સમગ્ર ગુજરાત રાજ્યને અતિવૃષ્ટિનો સામનો કરવો પડ્યો. રાજ્યમાં ભાગ્યે જ કોઈ ખૂણો બાકી હશે તેમ કહીએ તેમાં નવાઈ નહીં. અતિવૃષ્ટિ હોય, ભૂકંપ હોય કે અન્ય પ્રવૃત્તિ હોય; મુશ્કેલીના સમયમાં **SMVS** સંસ્થા સદાય સમાજને મદદરૂપ થવા તત્પર હોય છે. આ અતિવૃષ્ટિમાં વડોદરા શહેર પણ પાણીમાં ગરકાવ થયું હતું. ત્યારે સંતો-હરિભક્તો દ્વારા પૂર પીડિતો માટે હજારો ફૂડપૅકેટ તૈયાર કરવામાં આવ્યાં હતાં. **SMVS** શ્રી સ્વામિનારાયણ મંદિર વડોદરાના સ્વયંસેવકો દ્વારા પરશુરામ ભઠ્ઠા, કલાલી, વિશ્વામિત્રી તથા ઓલ્ડ પાદરા રોડ જેવા અસરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા તંત્ર સાથે રહી ફૂડપૅકેટ તથા પાણીની બૉટલનું ઘરે ઘરે જઈને વિતરણ કરવામાં આવ્યું હતું.




**02**
**સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન**

**SMVSના ઈતિહાસના પ્રથમ પૃષ્ઠ તથા આદ્યસ્થાન સમા**
**SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, ઘનશ્યામનગરનો...**

**50th** 1974–2024
# सुवर्ण जयंति उत्सव
SMVS ઘનશ્યામનગર

**૨૦ ઓક્ટોબર, ૨૦૨૪**
**રવિવાર**
**સાંજે ૫થી રાત્રે ૮**


સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ અબજીબાપાશ્રી, સમર્થ સદ્‌ગુરુશ્રીઓ, ગુરુદેવ પ.પૂ.બાપજી અને ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીના સંકલ્પે પ્રતિષ્ઠિત **SMVS** સંસ્થાનું આદ્યસ્થાન સમા ઘનશ્યામનગર મંદિરના ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે આ નિમિત્તે વ્હાલા ગુરુજીના દિવ્ય આશીર્વાદે અને સંકલ્પે ઉજવાનાર **'સુવર્ણ જયંતિ ઉત્સવ'**નો આસ્વાદ માણવા આપશ્રી તથા પરિવારના સૌ સભ્યો મિત્રવર્તુળ સહિત પધારવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.



:: આદ્ય સ્થાપક ::
ગુરુદેવ પ.પૂ.બાપજી

**સભા સ્થળ**
"ઐતિહાસિક ભૂમિ"
લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ (મલેકસાબાન સ્ટેડિયમ),
અંબાલાલ એસ. કોટા પાર્ટી પ્લોટ, વિરાટનગર, બાપુનગર.

**SMVS કથા ચેનલ પરથી જીવંત પ્રસારણ કરવામાં આવશે.**



:: પ્રેરક ::
ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# નૂતન વર્ષાભિનંદન

# ઘનશ્યામ

૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૧૦



## વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ

નૂતન વર્ષની પ્રાર્થના

'હરતાંને ફરતાં દેખું તારી મૂર્તિ;
સર્વે ક્રિયામાં સુખધામ રે...
સુખદ ભારેલી ભલી મૂર્તિ"

હે મહારાજ, હે બાપા, હે ગુરુદેવ
હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં,
બેસતાં-ઊઠતાં, અખંડ આપની
મૂર્તિમાં રહેવાય. નિરંતર જાણપણું
રહે એવી કૃપા કરજો...

સ્નેહ સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ.


04 દિવ્યવાણી

07 વચનામૃત સાર (લોયા - ૪, ભાગ - ૨)

10 શ્રીજીના નેત્રમાં આંસુ !!

13 ગુરુજીના સંગે જીવન પરિવર્તન

15 સહજમાં રાજીપો

17 ધાર છેલ્લે ક્યારે સજાવેલી ?





# GHANSHYAM

10 October, 2024 • Year : 49 • Edition : 10

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org
Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.



# દિવ્યવાણી

**તા. ૨૯-૮-૨૦૨૪ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત**

આધ્યાત્મિક માર્ગમાં મુમુક્ષુમાત્રને પોતાના અંતરનો નિરંતર તપાસ કરવો અનિવાર્ય છે. ખરો મુમુક્ષુ તો એ જે પોતાના દોષને જુએ ને બીજાના ગુણને જુએ. શ્રીજીમહારાજે સ્વમુખવાણી વચનામૃતમાં પ્રથમ પ્રકરણના ૧૬મા વચનામૃતમાં આ બાબત પર ખૂબ ભાર મૂક્યો છે. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સંકલ્પ સભામાં વિવેકી થવાની બાબત પર સ્વજીવનમાં પ્રૅક્ટિકલ અમલમાં મૂકી શકાય એવો અનુભવાત્મક લાભ આપ્યો હતો તેને વાગોળીએ.

**ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૬મું વચનામૃત :**

**“જે ભગવાનના ભક્તને સત્-અસત્‌નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે ને વિચારીને તેનો ત્યાગ કરી દે, અને સંતમાં અથવા સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેનો ત્યાગ કરી દે ને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે.”**

વચનામૃત એટલે શ્રીજીમહારાજની સ્વમુખવાણી. મહારાજે કહ્યું છે, “અમારી વાણી તે અમારું સ્વરૂપ છે.” અર્થાત્ મહારાજનાં વચનો પ્રમાણે વર્તવાથી એમના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, એમાં પ્રીતિ થાય છે અને અંતે એમાં સ્થિર થવાય છે. માટે જ્યારે વચનામૃત વંચાય ત્યારે મહારાજ મારા માટે જ આ વાત કરી રહ્યા છે તેમ સમજવું. અહીં આ વચનામૃત દ્વારા મહારાજ આપણને પરભાવમાં જતા પહેલાં અવરભાવનો બહુ મોટો ગુણ શિખવાડી રહ્યા છે. મહારાજ કહે છે કે, જો તમે અમારા છો તો તમને સત્-અસત્‌નો વિવેક હોવો જોઈએ અર્થાત્ અમારા ભક્તને સાર-અસાર એટલે કે કરવા યોગ્ય ને ન કરવા યોગ્ય તેનો વિવેક હોવો જોઈએ. મારાથી આ થાય ને આ

ન થાય તેનો સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ.

સત્સંગીમાત્રમાં સત્‌-અસત્‌ની વિવેકબુદ્ધિ ફરજિયાત છે. જેને સત્‌-અસત્‌નો વિવેક હોય તેનું લક્ષણ કેવું હોય ? તો પોતામાં જે અવગુણ હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. સાધનકાળમાં રહેલા સાધનિકમાત્ર માટે આ બહુ અઘરું છે. પોતાના ગુણ જોવા અને બીજાના અવગુણ જોવા એ જીવાત્માની અનાદિકાળની આદત છે. પરંતુ અહીં શ્રીજીમહારાજ આપણને પોતાના જાણીને એમ કહે છે જે તમે અમારા છો તો તમને પોતાના જ અવગુણ દેખાવા જોઈએ અને પોતાના અવગુણને તપાસી તેનો ત્યાગ કરવો જોઈએ તેમજ સંતમાં કે સત્સંગીમાં પણ કાંઈ અવગુણ ભાસતો હોય તો તેનો પણ ત્યાગ કરીને માત્ર તેમના ગુણને જ ગ્રહણ કરવા જોઈએ. આને જ સત્‌-અસત્‌નો વિવેક સમજ્યા કહેવાય.

હવે આપણે તપાસ કરીએ : શું મારામાં એવો કોઈ સ્વભાવ કે દોષ છે જે બીજાને વિક્ષેપ થવાનું કારણ બને છે ? તો અત્યારે જ તેને ઓળખીને તેનો ત્યાગ કરીએ. બહુધા આપણી નજર પરિવારમાં આનો આવો સ્વભાવ છે. સત્સંગમાં આનો આવો સ્વભાવ છે. ઑફિસમાં પેલાનો આવો સ્વભાવ છે — આ જ રીતે જોવા ટેવાયેલી હોય છે. શું આપણને પોતાનો કોઈ અવગુણ દેખાય છે ? જે મારામાં આ ન શોભે. આનાથી મહારાજ અને મોટા રાજી નહિ થાય. આવો રાજીપો  વિચાર રહે એ જ ખરો સત્સંગ.

સત્સંગમાં આવ્યા પછી નિજદર્શન કરતા શીખવું. ગત જ્ઞાનસત્ર-૧૭માં આપણા ફૅમિલિને હૅપી ફૅમિલિ બનાવવા માટે સમસ્ત સમાજને નિજદર્શન કરવાની આજ્ઞા કરી હતી. જેનો હેતુ આ જ હતો કે આપણે દિવસ દરમ્યાન થતી નિજની ભૂલોને ઓળખી તપાસતા શીખીએ. એને ડાયરીમાં નોંધીએ અને તેને ટાળવા દૃઢ સંકલ્પ કરીએ. સત્સંગમાં આવ્યા પછી જો પોતાની ભૂલોને ઓળખતા થવાય તો જ સત્સંગમાં આવ્યાનું રિઝલ્ટ મળ્યું કહેવાય. આ અનુસંધાને ઈ.સ. ૨૦૧૨ની બનેલી સત્ય ઘટના માણીએ.

એક વખત કૅનેડા ખાતે સત્સંગ વિચરણ દરમ્યાન ઝોનલ શિબિરનું આયોજન ગોઠવાયું હતું. બે-દિવસીય આ શિબિરમાં વ્હાલા ગુરુજી ‘સંપ’ વિષય પર ખૂબ આગ્રહપૂર્વક લાભ આપી રહ્યા હતા. શિબિરમાં ટૂંક સમયથી જ સત્સંગમાં જોડાયેલા એક નવા હરિભક્ત લાભ લેવા બેઠા હતા. આ બાજુ દિવ્યવાણી શરૂ થઈ અને આવેલ હરિભક્તના નેત્રમાંથી અશ્રુધારા શરૂ થઈ. આ ક્રમ પ્રથમ દિવસના બંને સેશનમાં ચાલ્યો. પહેલા સેશનમાં છેલ્લે દર્શને ન આવ્યા તેથી બીજા સેશનમાં ગુરુજીએ ચિઠ્ઠી લખીને છેલ્લે તે હરિભક્તને મળીને જવા કહ્યું. તે હરિભક્ત સભાના અંતે ગુરુજીને મળવા આવ્યા.

તેઓ પોતાની આપવીતી જણાવતા જાય અને અશ્રુધારા વહેતી જાય : “ગુરુજી, મૂળ અમે નડિયાદના અમીન પટેલ. મારે ત્રણ બહેન અને એક મોટો ભાઈ એમ અમે પાંચ ભાઈ-બહેન તથા માતુશ્રીનો નાનકડો પરિવાર છે. નાનપણમાં પિતાશ્રી ધામમાં ગયા બાદ માતુશ્રીએ મારો ખૂબ લાડકોડથી ઉછેર કર્યો. મોટા ભાઈ તથા બહેનો બધા અમેરિકામાં જ સેટલ થયાં હતાં. સાનુકૂળ સંજોગોમાં ઉછેર થવાના કારણે મારો સ્વભાવ બહુ જિદ્દી બની ગયો હતો. કોઈ મને કહી ન શકે. વર્ષો પહેલાં માતુશ્રી તથા ભાઈ-બહેનોએ ભેગા થઈ મારા હિત માટે મને જાતે પગભર થવા આગ્રહ કર્યો. મારાથી તે સહન ન થયું અને ઘરનો ત્યાગ કરી દીધો અને પરિવારથી સંપૂર્ણ દૂર થઈ જવા દેશ છોડી કૅનેડામાં આવી સ્થાયી થયો. ગુરુજી, આ વાતને આજે ૧૮-૧૮ વર્ષ થઈ ગયાં. મારામાં એટલો અહંકાર કે કોઈ મારી ભૂલને ઓળખાવી ન શકે. પરંતુ આજે સત્સંગમાં આવ્યો તો મને આજે પહેલી વખત મારી ભૂલ બદલ પસ્તાવો થયો. આ સત્સંગરૂપી અરીસા વડે જ મારી આટલી મોટી ભૂલ ઓળખી શક્યો, સુધારી શક્યો ને ટાળી શક્યો.

આજે મને પારાવાર પસ્તાવો છે કે આ મેં શું કરી નાખ્યું ? આજે આપની કથાવાર્તામાં જે જે વાત આવી રહી હતી એ સીધી મારા હૃદયને આરપાર જઈને મને વીંધી રહી હતી. પરિણામે આજે આપની સભામાં મારી આંખોની ધારા ચાલુ હતી. આપનો લાભ લીધા પહેલાં હું મારા પરિવારના સભ્યોને જ દોષિત માની રહ્યો હતો. મને એમ જ હતું કે એ લોકો મારી સામે વિરોધાત્મક વલણો રાખી રહ્યા છે. પરંતુ આજે આપે મારો ખોવાયેલો પરિવાર પાછો મેળવી આપ્યો. આજે મેં ઘરના બધા જ સભ્યોને ફોન કરી માફી માગી અને હવે હું એમના ઘરે જવાનો છું.”

આ છે નિજદર્શન કર્યાનું ફળ. સત્સંગ કર્યાથી જ ભૂલો ઓળખાશે. ઓળખાશે તો જ સ્વીકાર થશે અને સ્વીકાર થશે તો જ તેને ટાળવાનો યત્ન થશે. તો જ મહારાજ અને મોટાનો રાજીપો થશે. એ રાજીપાને લઈને જ ગુણોનો આવિર્ભાવ થશે.

મારી કોઈ જ ભૂલ નથી એ જ સૌથી મોટી ભૂલ. આનું નામ જ દેહાભિમાન. આ જ સૌથી મોટો અહંકાર. અહંકારી વ્યક્તિને પોતાની ભૂલ ક્યારેય ન દેખાય. જેમ પર્વત કે ટેકરા

**એ જ સત્સંગી ખરો જે પોતાની ભૂલોને ઓળખી અનુતાપ-પરિતાપ કરે.**

પર વરસાદનું પાણી ટકે જ નહિ એમ અહંકારી વ્યક્તિ પણ ક્યારેય રાજીપાથી કે મૂર્તિસુખથી ભરાય નહીં. એ હંમેશાં ખાલી જ રહે. અહંકારી વ્યક્તિ પોતાની ભૂલ ક્યારેય સ્વીકારી શકે જ નહીં. નિજદર્શનનું પહેલું સ્ટેપ એટલે ભૂલને ઓળખવી. ભૂલ નથી ઓળખાતી એ જ દેહાભિમાન. જો ભૂલ ઓળખાય તો સમજવું કે મારા દેહાભિમાનને ઘસારો આવ્યો છે. જેમ ખેડૂત ખેતી કરે તે પહેલાં જમીનને પોચી કરે. કઠણ જમીનમાં કાંઈ ન ઊગે. એમ અહંકારી, દેહાભિમાની વ્યક્તિમાં કોઈ ગુણ ઊગે જ નહિ કહેતાં આવે જ નહીં. માટે નિરંતર વિચાર કરવો કે સત્સંગમાં આવ્યા પછી જે વાત થઈ રહી છે તે મારા માટે જ થઈ રહી છે. કોઈ દિવસ કોઈના ઉપર વાતને બાયપાસ ન કરીએ. મારા દોષ-સ્વભાવ જોઈને જ મહારાજ મારા માટે જ, દોષ ટાળવા માટે જ આ વાત કરી રહ્યા છે. આ જે કાંઈ બની રહ્યું છે તેના માટે હું જ જવાબદાર છું, મારો જ વાંક છે એમ સમજી સતત તેને ટાળવા માટે યત્નશીલ રહેવું.

નિજદર્શન કરવાથી જ ભૂલો પકડાશે અને તો જ નિર્માનીપણું આવશે. નિર્માનીપણું આવે એટલે આધ્યાત્મિક માર્ગના ઉચ્ચતમ શિખરો સર કરી શકવા સક્ષમ બનાય, તે તરફ પ્રયાણ થાય. તે માટે દિવસ દરમ્યાન જે કાંઈ ભૂલો થઈ હોય તેને ડાયરીમાં નોંધીએ. જેમ કે કોઈના પર ગુસ્સે થયા કે કોઈની ઈર્ષ્યા આવી તો તરત જ નોંધી, તેને ટાળવાના પ્રયત્નો ચાલુ કરી દેવા; બસ, મારે મહારાજને અને મોટાને રાજી કરી જ લેવા છે. આમ સમજાય તો સત્-અસત્‌નો વિવેક સમજ્યા કહેવાય.

જ્યારે વાદળ ટકરાય ત્યારે ગડગડાટી થાય છે અને જ્યારે અહંકાર ટકરાય ત્યારે બઘડાટી થાય છે. આજે ઘર ઘરમાં પ્રશ્નો જોવા મળે છે એ શેના છે ? કોઈને પોતાની ભૂલ ઓળખવી નથી. જ્યારે બીજો કોઈ આપણને આપણી ભૂલ ઓળખાવે ત્યારે પ્રશ્નોની પરંપરા ચાલુ થાય છે. જો પોતે પોતાની ભૂલ ઓળખી લે તો કોઈ પ્રશ્ન જ ન રહે અને એનું નામ જ સત્સંગ.

આજે તો મોટાએ કેવળ કૃપા કરીને ખંપાળી નાખી છે. તે થોડાકમાં રાજી થઈ જાય છે અને ઝાઝું ફળ કહેતાં મૂર્તિનું સુખ આપે છે. જેના નિર્માની હોય ભગવાન તેના જનને જોઈએ કેમ માન ? મહારાજે કહ્યું, “જે નિર્માની બને છે તેની જ સેવાને અમે અંગીકાર કરીએ છીએ.” મોટાપુરુષના જીવન સામું દૃષ્ટિ કરીએ કે તેઓ કેવા નિર્માની થઈને જીવ્યા છે ? ગુરુદેવ પ.પૂ. બાપજી આજીવન મહારાજમાં ઓગળીને રહ્યા. ગુરુજી પણ આજે એ જ ગુણને ધારી રહ્યા છે. તો આપણે એમના છીએ. આપણે પણ એ જ માર્ગે ચાલવું પડશે.

જ્યારે પોતાને પોતાની ભૂલ ઓળખાય છે ત્યારે જ ક્ષમા માગી શકાય છે. ત્યારે જ નિર્માનીપણું આવે છે ને ત્યારે જ નિર્મળ થવાય છે. આ સત્સંગ આના માટે જ છે. સત્સંગમાં આવ્યા પછી જો પોતે પોતાની ભૂલોને ઓળખી ન શકાય તો સમજવું કે સત્સંગીના વેષમાં કુસંગી છીએ. સત્સંગી એને જ કહેવાય જે પોતાની ભૂલોને ઓળખી અનુતાપ-પરિતાપ કરે. આ માટે વ્હાલા ગુરુજીએ જણાવ્યા મુજબ નિજદર્શન કરવા દૃઢ સંકલ્પ કરીએ.

## દિવાળી ચોપડાપૂજન

શ્રી ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય સાંનિધ્યમાં દીપાવલીના દિવસે દર વર્ષે ચોપડાપૂજનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે એસ.એમ.વી.એસ. સંસ્થાના દેશ તથા વિદેશના તમામ સેન્ટરોમાં તા. ૩૧-૧૦-૨૦૨૪ ને ગુરુવારના રોજ સવારે ૮થી ૧૦ દરમ્યાન એકસાથે ઑનલાઈન zoom દ્વારા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સૌને ચોપડાપૂજનમાં લાભ આપશે. જેમાં તમામ ગૃહસ્થ સત્સંગી વેપારીબંધુઓએ પોતાના નજીકના સેન્ટરમાં અગાઉથી નામ નોંધાવી દેવું. તેમજ આ દિવસે પોતાની સાથે વેપાર-ધંધાના, ઑફિસના કે ઘર માટેના ચોપડા, દૈનિક રોજમેળ, વાર્ષિક ખાતાવહી વગેરે લઈને પોતાના સેન્ટરના મંદિરમાં અવશ્ય પધારવું. આ પ્રસંગે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદથી સેન્ટરના પૂ. સંતો તમામ ચોપડાને પ્રસાદીભૂત કરશે. આ અણમોલ અવસરે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**સમય :** સવારે ૮થી ૧૦

**સ્થળ :** સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર

**ખાસ નોંધ :** ચોપડાપૂજન બાદ સવારે ૧૦થી ૧૧ વાગ્યા દરમ્યાન સદ્. ઈશ્વરબાપા સ્મૃતિ દિન ઊજવાશે. જેનો લાભ એસ.એમ.વી.એસ. યૂ-ટ્યૂબ ચૅનલ પરથી લાઈવ કરવામાં આવશે.

સૌ મુક્તોએ પોતપોતાના સેન્ટરમાં અચૂક સમયસર પહોંચી આ લાભ લેવો અને લેવડાવવો. વધુ માહિતી માટે આપના સેન્ટરના અગ્રેસર મુક્તોનો સંપર્ક કરવો.



પોતાના દોષને જુએ ને બીજાના ગુણને જુએ એ જ ખરો મુમુક્ષુ.



# વચનામૃત સાર

## લોયા : ૪ (ભાગ-૨)

**વચનામૃત : "પછી વળી અખંડાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, શ્રીકૃષ્ણનારાયણ તો સદા મનુષ્યાકૃતિ છે ને તે ભગવાનનું સ્વરૂપ સર્વે કાળે સત્ય છે અને તે જ ભગવાન ક્યારેક મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહાદિક અનંત રૂપે કરીને ભાસે છે તે કેમ સમજવું ? અને વળી બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે કલ્યાણની રીતિ તથા ભગવાનની મૂર્તિ એકસરખી છે કે જુદી જુદી છે ?"**

આ પ્રશ્નને સમજીએ.

અખંડાનંદ સ્વામી પૂછે છે કે, શ્રીકૃષ્ણનારાયણ તો સદા મનુષ્યાકૃતિ છે. અહીં કયા શ્રીકૃષ્ણનારાયણની વાત છે ? તો, **અનાદિ શ્રીકૃષ્ણ એવા શ્રીજીમહારાજની.** હવે શ્રીજીમહારાજ મનુષ્યાકૃતિ છે એટલે શું ? તો એ વખતે શ્રીજીમહારાજ મનુષ્ય આકારે દેખાતા હતા. તેને વિષે પ્રતીતિ લવડાવવા માટે આ વાત કરી છે. એટલે કે જ્યાં ગામ આવે ત્યારે રોડ પર તેનો ઍરો આવે; તેમ આ ઍરો આવ્યો. આમ, અહીં 'મનુષ્યાકૃતિ' શબ્દ શ્રીજીમહારાજ બાજુ ઍરો કરે છે કે આ બીજું કોઈ નહિ પણ શ્રીજીમહારાજની વાત છે. હવે શું મહારાજ મનુષ્ય જેવા હતા ? ના, મનુષ્ય જેવા નહિ પરંતુ એ વખતે જે દ્વિભુજ પુરુષાકારે દેખાતા હતા, તેવા સદાય દિવ્ય, તેજોમય, દ્વિભુજ, પુરુષાકાર છે. પરંતુ ચતુર્ભુજ, અષ્ટ ભુજ, સહસ્ર ભુજ કે કોઈ પશુ આકાર નથી. મનુષ્ય જેવા આકારવાળા અને દ્વિભુજ છે.

શ્રીજીમહારાજ મનુષ્ય જેવા માયિક નથી. પરંતુ એ વખતે જે મહારાજ સામે બિરાજ્યા હતા, તે સ્વરૂપ પણ સદા દિવ્ય છે અને દેખાતા હતા મનુષ્યાકારે, દ્વિભુજ પુરુષાકારે; પરંતુ તે દિવ્ય તેજોમય તેજના સમૂહમાં જ છે. પણ મનુષ્ય જેવા થયા નથી. (અત્યારે પ્રતિમા જેવા થયા નથી.) માટે **એ વખતે મહારાજને વિષેથી મનુષ્યભાવ અને અત્યારે પ્રતિમાભાવ**

**દૂર કરી, દિવ્ય તેજોમય પરભાવમાં, તેજના સમૂહમાં જ છે એ ભાવ દૃઢ કરવાનો છે.** તે માટે આ વાત છે.

એટલે પાછળ ને પાછળ અખંડાનંદ સ્વામીએ કહ્યું કે, **"ને તે ભગવાનનું સ્વરૂપ સર્વે કાળે સત્ય છે."** એટલે કે ક્યારેય અસત્ય થતા નથી. જો મનુષ્યની જેમ દેહ ધરીને આવ્યા હોય, જન્મ ધર્યો હોય તો તો મહારાજ 'જીવ' થયા કહેવાય. તો તો અસત્ય થયા કહેવાય. પરંતુ મનુષ્ય જેવા થયા જ નથી અને હતા પણ નહીં. અત્યારે પ્રતિમા જેવા થયા જ નથી અને છે પણ નહીં. દિવ્ય તેજોમય જ છે. આપણને મનુષ્ય જેવા કે પ્રતિમા જેવા દેખાય છે. પરંતુ શ્રીજીમહારાજ તો પરભાવમાં જ છે, તેજના સમૂહમાં જ છે, દિવ્ય જ છે.

**"અને તે જ ભગવાન ક્યારેક મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહાદિક અનંત રૂપે કરીને ભાસે છે તે કેમ સમજવું ?"**

આગળના પ્રશ્નમાં આવ્યું હતું કે ભગવાન આવા ને આવા જ છે કે અંશકળાએ કરીને છે ? જો શ્રીજીમહારાજને પરોક્ષના ઐશ્વર્યાર્થી રૂપે સમજીએ તો તો મહારાજ અંશકળાએ થયા કહેવાય. પરંતુ શ્રીજીમહારાજ સમાધિમાં વેષાંતરભાવે પરોક્ષના ભક્તોને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવવા માટે જે તે રૂપે દેખાયા હતા તેની વાત છે.

હવે અખંડાનંદ સ્વામીનો બીજો પ્રશ્ન છે કે, **"બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે કલ્યાણની રીતિ તથા ભગવાનની મૂર્તિ એકસરખી છે કે જુદી જુદી છે ?"**

અનંતકોટિ બ્રહ્માંડમાં સનાતન ભગવાન એક સ્વામિનારાયણ જ છે.

એ સનાતન ભગવાનની પ્રાપ્તિ એ જ કલ્યાણ. બાકી તો બધા કલ્યાણના ટપ્પા છે; કલ્યાણ નથી.

હવે આ મહારાજ બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં, જેને, જેવી જરૂર હોય તેને તેવા જણાય છે અને રહ્યા છે તો તેજના સમૂહમાં જ. આમ બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે મહારાજની મૂર્તિ આ એક જ છે; જુદી જુદી નથી. હવે મૂર્તિ જો એક જ હોય તો કલ્યાણની રીત પણ એક જ હોય ને !!

આમ, મહારાજની મૂર્તિ અને કલ્યાણની રીતિ એકસરખી જ છે, પણ જુદી જુદી નથી.

**વચનામૃત : "પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનની મૂર્તિ તો સદા એકસરખી છે તોપણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી પોતાની ઇચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે."**

આપણે આગળ જોયું તેમ શ્રીજીમહારાજે આ જ જવાબ આપ્યો કે ભગવાન અર્થાત્ અમે પોતે તેજના સમૂહમાં રહ્યા થકા જ્યાં, જેને, જેવી જરૂર હોય તેને તેવા અમારી ઈચ્છાએ કરીને દેખાઈએ છીએ.

આમ, ભલે લોકોને અમે મનુષ્ય રૂપે દેખાઈએ પણ અમે તો સદાય તેજના સમૂહમાં જ છીએ. એટલે અમારી મૂર્તિ તો સદાય એકસરખી જ છે.

**વચનામૃત : "અને પોતે તો સદા દ્વિભુજ છે તોપણ પોતાની ઇચ્છાએ કરીને ક્યાંય ચાર ભુજ, ક્યાંય અષ્ટ ભુજ, ક્યાંય અનંત ભુજને દેખાડે છે. તથા મચ્છ-કચ્છાદિક રૂપે કરીને ભાસે છે, એવી રીતે જ્યાં જેવું ઘટે ત્યાં તેવું રૂપ પ્રકાશે છે અને પોતે તો સદા એક રૂપે જ વિરાજમાન રહે છે."**

અહીં શ્રીજીમહારાજ પોતાની વાત કરે છે કે પોતે અત્યારે જેવા દેખાય છે તેવા દ્વિભુજ જ સદાય છે પણ તેજના સમૂહમાં છે, દિવ્ય તેજોમય છે, મનુષ્ય જેવા નથી અને એ જ ભગવાન સમાધિમાં જે તે ભક્તના સમાસને અર્થે ચતુર્ભુજ, અષ્ટ ભુજ, સહસ્ર ભુજ કે મચ્છ-કચ્છાદિક અનંત રૂપે કરીને ભાસે છે, પણ પોતે તો સદાય એક રૂપે એટલે તેજના સમૂહમાં જ છે.

**વચનામૃત : "અને વળી એક ઠેકાણે રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડને વિષે અંતર્યામી રૂપે વ્યાપીને રહે છે."**

અહીંથી પાછો પોઇન્ટ બદલાય છે. અહીં મહારાજે અન્વય સ્વરૂપની વાત કરી છે. અહીં અનંતકોટિ બ્રહ્માંડોમાં એટલે મૂળઅક્ષરોથી માંડીને છેક ઉત્તરોત્તર છેક નીચે સુધીનામાં એક કિરણ દ્વારે (અન્વય શક્તિ દ્વારે) ઉત્તરોત્તર વ્યાપીને રહ્યા છે. અંતર્યામી રૂપે એટલે અન્વય શક્તિ દ્વારે વ્યાપવાની વાત કરી છે.

ત્યારપછી વ્યાસજીનું દૃષ્ટાંત આપ્યું. પરંતુ તે દૃષ્ટાંત એકદેશી છે. વ્યાસજી અને શુકજી જે સ્થાવર-જંગમ સૃષ્ટિમાં વ્યાપીને રહ્યા છે તે ડાઈરેક્ટ છે જ્યારે શ્રીજીમહારાજ ડાઈરેક્ટ વ્યાપેલા નથી. પરંતુ એક કિરણ દ્વારે ઉત્તરોત્તર વ્યાપીને રહ્યા છે. પરંતુ તેમનું (વ્યાસજીનું) મિષ લઈને વાત કરી જેથી શ્રીજીમહારાજમાં સૌને પ્રતીતિ આવે.

પરંતુ મહારાજે વાત કેવી સરસ કરી છે !

**વચનામૃત : "...તે તો ભગવાનના ભજનના પ્રતાપે કરીને એવી યોગકળાને પામ્યા છે. તો પોતે ભગવાન પુરુષોત્તમ તે તો યોગેશ્વર છે. ને સર્વ યોગકળાના નિધિ છે. તે એક ઠેકાણે રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડમાં પોતાની ઇચ્છાએ કરીને જ્યાં જેમ ઘટે ત્યાં તેમ ભાસે છે તેમાં શું કહેવું ? અને એ ભગવાનમાં એમ હોય તેનું શું આશ્ચર્ય છે ?"**

વ્યાસજી ને શુકજી તો કોઈના ભજનના પ્રતાપે યોગકળાને પામ્યા છે. જ્યારે સ્વામિનારાયણ ભગવાન તો સર્વોપરી ને સર્વે યોગકળાના નિધિ કહેતાં સર્વે કારણના કારણ છે. તેમનામાં આવું ઐશ્વર્ય હોય એમાં શું નવાઈ? એ તો હોય જ.

જેમ આ લોકના જાદુગરની જાદુની કળાને પણ લોકો જાણી નથી શકતા તો મહારાજમાં તો સર્વે યોગકળાઓ રહી છે તે

મહાઆશ્ચર્યરૂપ છે. તેને જીવ કેમ જાણી શકે?

માટે ક્યારેય મહારાજના કોઈ કાર્યમાં, ચરિત્રમાં સંશય કરવો નહિ જે આમ કેમ કરતા હશે ? ને આમ કેમ નહિ કરતા હોય?

એ વખતે શ્રીજીમહારાજ મનુષ્ય રૂપે દેખાતા હતા. આથી તેમને વિષે મનુષ્યભાવ ન આવે, માયિકભાવ ન આવે તે માટે શ્રીજીમહારાજે આ વાત કરી કે ભગવાન તો સમર્થ છે. કેવા સમર્થ ? તો, અનંતાનંત અક્ષરકોટિ, બ્રહ્મકોટિ ને ઈશ્વરકોટિને પોતાની એક કિરણની સત્તા દ્વારા વશ વર્તાવે છે. અનંત મુક્તોને પોતાની મૂર્તિનું રોમેરોમનું એકકાળાવિચ્છિન્ન સુખ આપે છે છતાં તેમાંથી જરાય ઓછું થતું નથી. વળી તે મુક્તો પણ એ સુખના પારને પામતા નથી. માટે ભગવાન તો અતિ સમર્થ છે. તે જે કરતા હશે તે ઠીક જ હશે. આવી રીતે નિર્દોષપણે સમજે તો તે ભગવાનની માયાને તર્યા કહેવાય.

અત્યારે આપણને પ્રતિમા સ્વરૂપે શ્રીજીમહારાજ દેખાય છે એટલે પ્રતિમાભાવ જણાવે, અસમર્થપણું જણાવે. પણ એ પ્રતિમા જેવા નથી, દિવ્ય તેજોમય છે અને ધારે તે કરી શકવા સમર્થ છે. પરંતુ જીવની પાત્રતા પ્રમાણે જ સામર્થી પ્રગટ કરે છે. માટે અત્યારે પણ મહારાજને વિષે કોઈ સંશય કરવો નહીં.

**વચનામૃત : "અને કલ્યાણની રીત તો એકસરખી છે. પણ ભજનારા જે પુરુષ તેને વિષે ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભેદ છે ને તેમની શ્રદ્ધા અનંત પ્રકારની છે. તેને યોગે કરીને કલ્યાણના માર્ગમાં પણ અનંત ભેદ થયા છે અને વસ્તુગતે તો કલ્યાણનો માર્ગ એક છે અને ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે."**

અહીં શ્રીજીમહારાજ ચોખ્ખું કહે છે કે કલ્યાણની રીત એકસરખી જ છે કારણ કે ભગવાન એક જ છે. કયા ભગવાન એક છે ? તો સનાતન ભગવાન એક છે. પરંતુ જીવોની પાત્રતા પ્રમાણે, જેણે મહારાજને જેવા જાણ્યા તેને તેવા કલ્યાણની પ્રાપ્તિ થાય છે. પરંતુ આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થતી નથી. એટલે કે આત્યંતિક કલ્યાણ એ જ કલ્યાણ છે, બીજા કલ્યાણના ટપ્પા છે. પણ આત્યંતિક કલ્યાણ નથી.

શ્રીજીમહારાજે અહીં વચનામૃતમાં જ કહ્યું કે વસ્તુગતે કલ્યાણ એક છે અને ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે. એટલે કે બધા ભગવાન એક જ છે એવું નહીં. પરંતુ સનાતન ભગવાન એક જ છે. તે કોણ છે ? તો આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ. તે તેજના સમૂહમાં રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડમાં જ્યાં, જેને, જેવી જરૂર હોય તેને તેવા જણાય છે પણ પોતે તો સદાય એક જ સ્થાનમાં, અક્ષરધામમાં (તેજના સમૂહમાં) જ રહ્યા છે. એટલે કે ભગવાન એ જ કલ્યાણ (આત્યંતિક કલ્યાણ) અને કલ્યાણ એ જ ભગવાન. ભગવાન અને કલ્યાણ એ બે જુદાં નથી. બંને એક જ છે.

શ્રીજીમહારાજે અહીં વચનામૃતમાં જ પાછળ ને પાછળ આ વાત લખી નાખી કે, **"ને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થાવાને અક્ષર પર્યંત કોઈ સમર્થ થાતો નથી એ સિદ્ધાંત છે."**

**ને તે ભગવાન અતિ સમર્થ છે** એટલે પોતાની વાત છે કે અમે સનાતન ભગવાન છીએ અને અતિ સમર્થ છીએ એટલે કે અમારી સત્તાથી અનંત થયા છે, થાય છે ને થશે. પણ અમારા સામર્થ્યમાંથી ચપટીય ઓછું થયું નથી, થતું નથી. અને અમારા તેજની એક કિરણ સૌમાં ઉત્તરોત્તર વ્યાપીને રહી છે. તેને આધારે સૌ કાર્ય કરે છે. આમ, અનંતકોટિ બ્રહ્માંડમાં અમારા સિવાય કોઈની પાસે ચપટીય સામર્થ્ય પોતાનું નથી. જે કંઈ છે તે અમારું આપેલું જ સામર્થ્ય છે. છતાં કોઈ બીજાને સમર્થ બનાવી શકતા નથી. વળી અક્ષર પર્યંત કોઈ અમારા જેવા થવાને કાજે સમર્થ નથી. એટલે અહીં સકામ ભક્તોની વાત છે. સકામ ભક્તો મૂળપુરુષ જેવા થાય, વાસુદેવ જેવા થાય, મૂળઅક્ષર જેવા થાય પરંતુ પુરુષોત્તમ જેવા તો કોઈ ન થાય. (કારિયાણીનું ૧૦મું વચનામૃત)

શ્રીજીમહારાજના નિષ્કામ ભક્તો શ્રીજીમહારાજના જેવા પુરુષોત્તમરૂપ થાય છે પણ પુરુષોત્તમ થતા નથી. (ગ.મ. ૬૬, ૬૭) એટલે કે તેમના મુક્તો થાય છે.

મૂળપુરુષથી માંડીને મૂળઅક્ષર સુધીના અનંતાનંત, જે માયાથી પર છે. પરંતુ શ્રીજીમહારાજના મુક્ત નથી. તેમને જો શ્રીજીમહારાજના મુક્ત થવું હોય તો અવરભાવમાં આવવું પડે. શ્રીજીમહારાજ તેમને જન્મ ધરાવે અને સત્પુરુષનો યોગ આપે અને તે આ શ્રીજીમહારાજનું સ્વરૂપ જેમ છે તેમ ઓળખાવે ત્યારે તેમને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય અને શ્રીજીમહારાજના મુક્ત થાય.

આમ, અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન સિવાય ક્યાંય કોઈની પાસે ચપટીય પોતાનું છે નહીં. માટે એક સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખવો, પતિવ્રતાની ભક્તિ કરવી અને સ્વરૂપનિષ્ઠા પાકી કરવી. જે એકડો છે, સરનામું છે. જો સ્વરૂપનિષ્ઠા પાકી થાય તો છતે દેહે આત્યંતિક કલ્યાણ છે; અને સ્વરૂપનિષ્ઠા પાકી ન થાય તો કલ્યાણમાં અધૂરું, અધૂરું ને અધૂરું.

આવો મુક્તો, મળેલા દિવ્ય સત્પુરુષનો સમાગમ કરી, શ્રીજીમહારાજની સ્વરૂપનિષ્ઠા પાકી કરી, છતે દેહે કલ્યાણ પ્રાપ્ત કરી લઈએ.



# શ્રીજીના નેત્રમાં આંસુ !!

"મહારાજે ઘણી મહેર કરી !! ગઢપુરમાં પાંચ માસ રોકાયા; હવે વડતાલની ભૂમિને દિવ્ય સ્મૃતિઓથી ભરી દેશે." વડતાલના પ્રેમીભક્તો આગળ જોબન ભગત હૈયાનો હરખ ઠાલવી રહ્યા હતા. એટલામાં શ્રીજીમહારાજ પધાર્યા : "માણકી તૈયાર કરો. અમારે સાબદા ગઢપુર પહોંચવું છે." સાંનિધ્યના સુખની ગર્તામાં ડૂબેલા એક પ્રેમી હરિભક્તે વિદાય લેવાનાં વચનો સાંભળી સખેદ પૂછી લીધું, "મહારાજ, હજુ હમણાં જ વડતાલ પધાર્યા છો. આમ તરત જવાની વાત કેમ કરો છો ?"

મહારાજે મંદ સ્મિત રેલાવી કહ્યું, "મુક્તો, અમારા દાદાખાચર હજુ નાની વયના છે. વળી, અમારે વિષે અતિશે પ્રીતિવાળા છે. અમારી મૂર્તિનું ચિંતવન કરવામાં તેઓ સંસાર-વ્યવહારના કામોથી જળકમળવત્ અલિપ્ત (નિર્લેપ) રહે છે. માટે એભલબાપુના ગયા પછી તેમની સઘળી ચિંતા અમારે માથે આવી પડી છે. દાદાની ચિંતા રહેતી હોવાથી ગઢપુર આટલું જલદી યાદ આવે છે."

મહારાજનાં ઉષ્માભર્યાં વચનો સાંભળી જોબન ભગત બોલ્યા, "મહારાજ, પાંપણ આંખની રક્ષામાં અખંડ રહે છે તેમ આપ દાદાખાચરની રક્ષામાં હંમેશાં તત્પર હોવ છો. આપના હરિભક્તો ઘણા પણ દાદાની તોલે કોઈ ન આવે ! દાદાખાચર તો આપની માળાના મેળ અને હૈયાના હાર જ જોઈ લ્યો !" આ સાંભળી મહારાજનું મુખ મલકાયું.

વડતાલથી વિદાય લઈ મહારાજ ગઢપુર પહોંચ્યા. મહારાજે ગઢપુરવાસીઓને ભવ્ય સમૈયો કરવાનો સંકલ્પ જણાવ્યો. દાદાનો સમગ્ર પરિવાર સમૈયાની તૈયારીમાં પરોવાઈ

ગયો. ખળાંમાંથી અનાજ દરબારગઢમાં લાવવાનું હતું. એ વખતે પ્રણાલિકા હતી કે, ખળાંમાંથી અનાજ ઉપાડવા ભાવનગર રાજ્યની મંજૂરી લેવી પડતી. આથી લાધા ઠક્કરે એક માણસને ભાવનગર મોકલવાની તૈયારી કરી પરંતુ એ પહેલાં જ મોટી ડેલીના ખાચરે (દાદાખાચરના કાકાએ) ભાવનગર પહોંચી દાદાખાચર તથા શ્રીજીમહારાજ વિરુદ્ધ કાનભંભેરણી કરી કે, ''દાદાખાચર પાસે રાજ્યનું લેણું ઘણું નીકળે છે. વળી, સ્વામિનારાયણ કહેતા હતા કે આપણા ખળાંમાંથી અનાજ ઉપાડવું તેમાં રાજાનો મંજૂરીપત્ર લેવા જવાની ક્યાં જરૂર છે?''

આ સાંભળી ભાવનગર નરેશ વખતસિંહ બાપુ ઊભા થઈ ગયા અને બોલ્યા, ''હેં ! એવું છે ? આ તો સ્વામિનારાયણે રાજદ્રોહ કર્યો કહેવાય !! અત્યારે જ દાદાખાચરનાં ખળાં ઉપર ચોકી બેસારી દ્યો.''

લાધા ઠક્કરનો માણસ ગઢડાથી નીકળે તે પહેલાં ભાવનગર રાજ્યના દસ-બાર સિપાઈઓ દાદાખાચરના ખળાંમાં આવીને બેસી ગયા. સમૈયો તો પાર પડી ગયો પરંતુ દરબારગઢમાં જમવા માટે અનાજનો એક દાણોય બચ્યો નહોતો. હવે લાધા ઠક્કરની ધીરજનો અંત આવ્યો હતો. દાદાખાચર તથા જીવુબા-લાડુબાની સખત મનાઈ હોવા છતાં તેમણે મહારાજ આગળ બધી સત્ય હકીકત જણાવી દીધી : ''મહારાજ, દાદાનાં ખળાં ઉપર ભાવનગર રાજ્યની ચોકી બેઠી છે. દરબારમાં ખાવા માટે અનાજનો એક દાણોય નથી બચ્યો. મારાથી દાદાનું આ દુઃખ દેખાતું નથી.'' આટલું કહી તેઓ નીચે બેસી રડી પડ્યા.

મહારાજ સ્વયં લાધા ઠક્કર પાસે નીચે બેસી ગયા. લાધા ઠક્કરને રડતાં જોઈ મહારાજ પણ દિલગીર થઈ ગયા. રડવાનો અવાજ સાંભળી બધા સંતો ત્યાં આવી પહોંચ્યા. જીવુબા-લાડુબા અક્ષરઓરડીની બહાર ઊભાં રહ્યાં. સંતો પણ દાદાના દેશકાળની વાત સાંભળી ઉદાસ થઈ ગયા. સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! અમે સૌ સંતો સુરત જતા રહીએ ?''

જીવુબા-લાડુબા અને દાદાખાચર આ સાંભળી રડી પડ્યાં. જીવુબાએ કહ્યું, ''મહારાજ ! આપ અનંતકોટિ બ્રહ્માંડના નાથ આપના મુક્ત મંડળે સહિત અમારે આંગણે ક્યાંથી હોય ?? અમારાં કરમ ફૂટ્યાં કે અમે આપની સેવા ન કરી શક્યાં. એટલે જ આ સંતો અહીંથી જવાની વાત કરે છે.'' આમ કહી તેઓ પણ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં.

ત્યાં સદ્. મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, ''મહારાજ, આપ અહીં બિરાજતા હશો ત્યાં સુધી સંતો-ભક્તોનો આવરો-જાવરો અહીં ઘણો રહેશે ને દાદાને ભીડો આવશે. માટે આપ પણ અમારી સાથે સુરત પધારો.''

દાદાખાચરના પરિવારને આ સાંભળી હૈયે ફાળ પડી. દાદાખાચરે રડતાં રડતાં કહ્યું, ''મહારાજ ! અમને છોડીને આપને અહીંથી ચાલ્યા જવાનું થાય આ કેવો કપરો કાળ !!''

દાદાના શબ્દોથી લાડુબાનું હૈયું કંપી ઊઠ્યું. એવા ભગ્નહૃદયે તેમણે કહ્યું, ''મહારાજ, સ્વામી ઠીક કહે છે. અમારાથી આપની સેવા બરાબર નહિ થઈ શકે. અમારી હારે આપનેય ભીડો વેઠવો પડે એટલે આપ રાજી થકા પધારો. આપ જ્યાં બિરાજતા હોવ ત્યાંથી આપની અમીદૃષ્ટિ સદૈવ અમારી પર રહે એવી કૃપા કરજો.''

શ્રીજીના નેત્રમાંથી ચોધાર આંસુ પડવાં લાગ્યાં. થોડી વાર તો મહારાજ કાંઈ બોલી શક્યા નહીં. દાદાખાચર તરત ઊભા થઈ જળ લઈ આવ્યા. મહારાજે મુખ ધોઈ જળનો ઘૂંટડો લીધો. જરા સ્વસ્થ થયા એટલે ઢોલિયા પર બિરાજ્યા. સંતોને પાસે બોલાવ્યા. દાદાને તો હાથ ઝાલી પોતાના ઢોલિયા ઉપર પોતાની પાસે પરાણે બેસાર્યા. જીવુબા-લાડુબા આદિ બહેનો ઓરડીના દરવાજા બહાર બેઠાં. પછી મહારાજ બોલ્યા, ''સાંભળો, એક વાર્તા કહીએ.

દાહ જલે, ડુંગર જલે, જલે સબ વનરાઈ;
હમ જલે તુમ કાં જલો, હમારે પાંખો નાઈ.''

સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ, કાંઈ સમજાયું નહીં. સાખીનો અર્થ સમજાવવાની કૃપા કરો.'' એટલે મહારાજે કહ્યું, ''એક ગીચ વન હતું. વનમાં મોટો ઘટાદાર વડલો હતો. તેની વડવાઈઓ જમીનમાં મૂળિયા નાખીને પાંગરી હતી. તે વડ ઉપર ઘણા પક્ષીઓએ માળા કર્યા હતા. ઘણાં ત્યાં વિસામો લેતાં અને ઘણાં તેના ટેટા ખાઈને આનંદ-કિલ્લોલ કરતાં. વર્ષોથી તે વડલો પક્ષીઓનું જાણે આશ્રયસ્થાન બની ગયો હતો. પરંતુ એક દિવસ અચાનક વનમાં દાવાનળ ફાટી નીકળ્યો. વડલો મૂંઝાયો અને તેના ઉપર નિવાસ કરીને રહેતા પક્ષીઓને કહેવા લાગ્યો, ''હે પક્ષીરાજો, વનમાં આગ લાગી છે. દવ ફાટી નીકળ્યો છે. વનરાઈ અને ડુંગરા બધાં જ બળવાં લાગ્યાં છે. થોડા વખતમાં હું પણ બળી જઈશ. કારણ કે મારે તમારી જેમ પાંખો નથી. પણ તમે તો બધા પાંખો વડે ઊડી જાવ. તમે શા માટે અહીં રહીને બળવા બેઠા છો ?'' આ સાંભળી પક્ષીઓ રડવાં લાગ્યાં : ''તમે તો અમારા આધાર છો. આજ સુધી અમે તમારા ઉપર માળા બાંધ્યા, તમારી પર ઘર કરીને રહ્યાં, અહીં જ

ટેટા ખાધા અને નાનેથી મોટા અહીં જ થયાં. હવે આજે બળવાનો વખત આવ્યો ત્યારે તમને છોડીને ઊડી જઈએ ? ના... ના... આપણે તો સાથે જ જીવીશું ને સાથે જ બળીશું. અમે તમને એકલા છોડીને ક્યાંય નહિ જઈએ.''

એટલું કહીને મહારાજે ખેસ વડે અશ્રુ ભરેલાં નેત્ર લૂછ્યાં અને કહ્યું, ''દાદાના દરબારમાં પણ અમે પાંચસો પરમહંસો સાથે વર્ષો સુધી રહ્યા, જમ્યા, રમ્યા, મોટા મોટા ઉત્સવો કર્યા અને હવે દાદાને આપત્તિ આવી ત્યારે આપણે તેની પડખે ઊભા રહેવાને બદલે તેને છોડીને ચાલ્યા જઈએ ? શું વડલા ઉપરનાં પક્ષીઓ જેવાય આપણે નહીં ? દાદાના આવા દુઃખમાં આપણે તેને છોડીને ચાલ્યા જઈએ તો કૃતઘ્ની કહેવાઈએ. માટે આપણે તો દાદાના સુખ-દુઃખના ભેરુ બનીને રહેવાનું છે. દાદાનો પરિવાર તે અમારો પરિવાર છે. પરિવારમાં કાંઈ વિપત્તિ-સંજોગ આવે તો તેમાં ગમે તે રીતે અનુકૂળ થઈને રહેવું તે પરિવારના સભ્યોનું શાણપણ છે. જ્યાં ત્યાં, જેમ તેમ, જેવું તેવું ચલવી લઈ હળીમળીને સાથે રહેવું તે પરિવારના સભ્યોની પવિત્ર ફરજ છે.''

મહારાજ વારાફરતી જીવુબા-લાડુબા અને દાદાખાચરની સામું જોતા હતા. દાદાએ ધીરે રહીને કહ્યું, ''દયાળુ, આપ બિરાજો છો એટલે અમારા દેશકાળ સારા જ છે. અમને છોડીને જવાનો સંકલ્પ કરશો ત્યારે અમારા દેશકાળ ભૂંડા થશે.''

''દાદા, તને છોડીને અમે બ્રહ્માંડના કયા ખૂણામાં જઈએ ? જ્યાં અમારા મુક્ત નથી ત્યાં અમે પણ નથી.'' મહારાજે દાદાનો હાથ ઝાલી કહ્યું.

એટલામાં ભાવનગર રાજ્યનો સિપાઈ રુક્કો(ટૂંકી ચિઠ્ઠી) લઈને આવ્યો. તેનું મહારાજે સૌની હાજરીમાં વાંચન કરાવ્યું, ''અમોએ તમારાં ખળાં રોકાવ્યાં છે તે મોટી ડેલીવાળા ખાચરના કહેવાથી થયું હતું. આપ તો ભગવાન છો એટલે તમારી સાથે અમારે દાવ બંધાય નહીં. અમારો અપરાધ માફ કરજો. આ હુકમ વાંચીને ખળાં ઉપડાવી લેજો.''

રુક્કો વાંચી સૌની સુકાયેલી આંખોમાંથી ફરી હર્ષનાં આંસુ પડવાં લાગ્યાં. સૌના હૈયામાં હિંમત આવી. મહારાજના મુખ ઉપર સ્મિત ફરકતું હતું. થોડી વારે મહારાજે દાદાના પરિવારજનોને કહ્યું, ''પેલા ખળાંવાળા સિપાઈઓ તથા આ રુક્કો લઈ આવનારને ઘી, ગૉળ અને રોટલા જમાડજો.'' આટલું કહી મહારાજે ધીમા સ્વરે કહ્યું, ''પણ આ વાત બહાર પાડવી નહીં. મોટી ડેલીવાળા બાપુને ભોંઠામણ લાગે તેવું આપણે કરવું નથી. સમાધાનમાં સંપ અને સુખ સમાયેલું છે. પણ દાદાને આ દેશકાળ આવ્યા તેમાં જેવું જેનું અંતઃકરણ હતું તેવું જણાઈ આવ્યું. ભક્તોને દુઃખ થયું અને અભક્તો રાજી થયા. પણ ધાર્યું સર્વે અમારું થાય છે.'' (ગ.પ્ર. ૭૪મું વચનામૃત)

ઘર-પરિવારમાં આર્થિક-સામાજિક મૂંઝવણ આવે ત્યારે સ્વજનોથી દૂર ભાગવાને બદલે પરિસ્થિતિનો સ્વીકાર કરવો, એકબીજાને અનુકૂળ થવું અને સૌ સાથે સમાધાન કરી હળીમળીને રહેવું એ જ સંપનું સર્જન કરવાનો ઉપાય છે. શ્રીહરિના દિવ્ય ગુણોનું દર્શન કરી આપણે પણ ખરા સમયે પરિવારજનોની પડખે ઊભા રહી સાચા સ્વજન બની રહીએ.

## નૂતન વર્ષે અન્નકૂટ આરતી તથા આશીર્વાદ સભા

આપણા સૌના જીવનના અતિ આનંદના સર્વોત્તમ પ્રસંગે એટલે કે નૂતન વર્ષે આપણે ભગવાન સ્વામિનારાયણ, ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અને પૂ. સંતોના આશીર્વાદ અવશ્ય લેવા જોઈએ. એમના આશીર્વાદથી જ જીવનમાં સફળ અને સુખી થવાય. તો બેસતા વર્ષના દિવસે સંસ્થાના તમામ સેન્ટરોમાં આશીર્વાદ સભાનું આયોજન કરવામાં આવશે. જેમાં સંસ્થા લેવલે સંસ્થાના આદ્ય સ્થાન વાસણા મંદિર ખાતે યોજાતી આશીર્વાદ સભાનો જીવંત પ્રસારણ (લાઈવ વેબકાસ્ટ) દ્વારા સમગ્ર હરિભક્ત સમાજને લાભ મળશે.

**નોંધ :** આ આશીર્વાદ સભાનો લાભ લેવા માટે આપના નજીકના એસ.એમ.વી.એસ.ના મંદિરોમાં પૂ. સંતો તથા અગ્રેસરોનો સંપર્ક કરવો.

**તા. ૨-૧૧-૨૦૨૪, સવારે ૭:૩૦થી ૮:૩૦**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, વાસણા, અમદાવાદ**

**:: ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા અન્નકૂટ આરતી તથા દર્શન ::**

| | |
|---|---|
| સવારે ૬:૦૦ કલોલ | સવારે ૬:૩૦ ઘાટલોડિયા |
| સવારે ૭:૩૦ વાસણા | સવારે ૧૦થી ૧૨ ગોધર |



સંપ માટે સ્વીકૃતિ અને સમાધાન પાયાની બાબત છે.



# ગુરુજીના સંગે જીવન પરિવર્તન

शरणागतपापपर्वतम् गणयित्वा न तदीयसद्गुणम् ।

अणुमप्यतुलं हि मन्यते सहजानंदगुरुं भजे सदा ॥

શરણે આવેલા પાપના પર્વત હોય તોપણ તેના દુર્ગુણોને નહિ ગણી અને તેને વિષે રહેલા અલ્પ એવા સદ્ગુણને મોટા મેરુ તુલ્ય માને છે એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

જરા વિચારીએ... સામાન્ય મનુષ્યજન માટે સ્વયંનો એક સામાન્ય સ્વભાવ સુધારવો કે સ્વયંનું જીવન પરિવર્તન કરવું એ કેટલું કઠિન કાર્ય લાગે ! જ્યારે શરણે આવેલા એવા અનેક જીવોનાં જીવન પરિવર્તન કરી સંસ્કારી, સજ્જન અને તેથી આગળ માળા કરતા ભક્ત બનાવવા એ તો કેટલું અશક્ય છે !!

આવાં અશક્ય અને કઠિન કાર્યો શ્રીહરિ અને તેઓના સત્પુરુષો સહેજે કરતા હોય છે. તેઓ પોતાના જોગમાં આવનાર હરએક મનુષ્યના જીવનમાં તેઓનાં દર્શન, સ્પર્શ, સેવા, સમાગમ અને સાંનિધ્ય દ્વારા એક દિવ્ય ઊર્જાનો સંચાર કરી સહજમાં જીવન પરિવર્તન કરતા હોય છે. આવું જ કંઈક રાજકોટ નિવાસી પ.ભ. નટુભાઈ સોનીના પરિવારમાં બન્યું.

મૂળ ઉના સૌરાષ્ટ્રના નિવાસી પ.ભ. નટુભાઈ સોની ૧૫ વર્ષ પૂર્વે રાજકોટ સ્થાયી થયેલા. તેઓને શ્રીજીમહારાજ પ્રતિ અનન્ય ભાવ અને શ્રદ્ધા હતી. એટલે જ તેઓ પોતાના ગૃહે સંપ્રદાયના મોટાભાગના પૂ. સંતોની પધરામણી કરાવતા. પોતાને સ્વામિનારાયણીય સત્સંગ પરત્વે ખૂબ ભાવ પરંતુ તેમના નાના દીકરા પ્રદ્યુમ્નભાઈને બિલકુલ સત્સંગ નહીં. તેઓને દિવસમાં ૧૮થી ૨૦ માવા ખાવાનું વ્યસન હતું. તથા અન્ય પણ કેટલીક કુટેવો હતી. ધંધા પર જતાં રસ્તામાં સ્વામિનારાયણ મંદિર આવતું. ઘરના સભ્યો તેઓને મંદિરે દર્શન કરવા જવાનું કહે તોપણ કદી મંદિરનું પગથિયું ન ચડતા. એટલું જ નહિ, નટુભાઈના આગ્રહથી પૂ. સંતો તેઓના ઘરે પધરામણીએ પધારતા તો ક્યારેક અપશબ્દો બોલી તેઓનું અપમાન કરવામાં પણ તેઓ સંકોચ અનુભવતા નહીં.

નટુભાઈ આર્થિક રીતે ખૂબ સધ્ધર હતા પરંતુ શ્રીજી ઇચ્છાથી તેમનો સમય બદલાયો. આર્થિક રીતે પાયમાલી થઈ. ઘરનાં મહિલા સભ્યો વચ્ચે ડખા-ઝઘડા ચાલુ થયા. મકાન-મિલકતમાં રોકાયેલા પૈસા છૂટા થતા ન હતા. આ બધા સાંસારિક પ્રશ્નોએ એવું ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલું પરિણામે ઘરના તમામ સભ્યોએ સામૂહિક આત્મહત્યા કરી જીવન ટૂંકાવી દેવાનો સંકલ્પ કરી દીધેલો. એ જ અરસામાં એક દિવસ પરિવારના તમામ સભ્યોએ સાથે બેસી GTPL-551 પર ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની સભા સાંભળી. સભા ગમી. પછી તો દરરોજ સવાર-સાંજ ગુરુજીની સભા સાંભળવા લાગ્યા. ગુરુજીનાં દિવ્ય વચનો ઘરના સભ્યોના કર્ણપટ પર પડતાં કંઈક જુદો જ અનુભવ થતો. નટુભાઈ તો ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને મળવા તપાસ કરતા હતા. એક વખત નટુભાઈ રાજકોટ એસ.એમ.વી.એસ. મંદિરે આવ્યા. ત્યાં ખબર પડી કે રાજકોટ વિચરણ ખાતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી બે દિવસમાં પધારવાના છે. નટુભાઈ તા. ૩-૧૦-૨૦૨૧ના રોજ રાજકોટ હરિકથાની પૂર્ણાહુતિમાં ગુરુજીની દિવ્યવાણીનો લાભ લઈ કૃતકૃત્ય બની ગયા.

સભા બાદ નટુભાઈએ પૂ. સંતોને પ્રાર્થના કરી કે, "અમારા ઘરે ગુરુજીની પધરામણી કરાવવી છે." પૂ. સંતોએ કહ્યું, "દયાળુ, આ વખતે ગુરુજીનો કાર્યક્રમ ગોઠવાઈ ગયો છે જે અતિ વ્યસ્ત છે. તેમાં એક પધરામણી ઉમેરવી શક્ય નથી. માટે ગુરુજી બીજી વખત પધારશે ત્યારે ચોક્કસ આપના ઘરે પધરામણી ગોઠવીશું." પરંતુ નટુભાઈનો નિર્દોષભાવ અને આગ્રહભરી વિનંતીથી પૂ. સંતોએ ગુરુજીની પધરામણી નટુભાઈના ઘરે ગોઠવી.

નટુભાઈએ ઘરે આવી સઘળી તૈયારી કરી અને પોતાના નાના દીકરા પ્રદ્યુમ્નભાઈને પણ ગુરુજીનો ખૂબ મહિમા કહી આગ્રહપૂર્વક પધરામણી વખતે ઘરે રહેવા કહ્યું. ગુરુજીની નટુભાઈના પરિવાર સાથે પ્રથમ મુલાકાત જ હતી. તા. ૪-૧૦-૨૦૨૧ના રોજ ગુરુજી નટુભાઈના ઘરે પધાર્યા. ત્યારે ઘરના દરવાજામાં પેસતાં જ ગુરુજી અંતર્યામીપણે સહજતાથી બોલ્યા કે, "નટુભાઈ, અમે તમારા ૧૧,૦૦૦ની ભેટ લેવા આવ્યા નથી." નટુભાઈ અને તેઓના બંને દીકરા આ સાંભળી અતિ આશ્ચર્ય પામ્યા કે, 'હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજીની પધરામણીની ભેટ આપણે ૧૧,૦૦૦ રૂપિયા આપવાની નક્કી કરી છે તે વાત આપણા ત્રણ સિવાય તો કોઈ જાણતું નથી તો ગુરુજી આ વાત કેવી રીતે જાણી ગયા હશે !! આ જ મોટાપુરુષનું અંતર્યામીપણું.'

ગુરુજી તેઓના ઘરે પધાર્યા ત્યારે ગાડીમાંથી ઊતરી ઘરમાં જતાં તેઓએ પ્રદ્યુમ્નભાઈનો હાથ પકડ્યો હતો. ગુરુજીના દિવ્ય હસ્તના દિવ્ય સ્પર્શથી પ્રદ્યુમ્નભાઈના આંતરતંત્રમાં દિવ્ય સ્પંદનો પ્રસરી ગયાં અને રોમાવલી ખડી થઈ ગઈ. તેઓએ કદી ન કલ્પી હોય તેવી દિવ્યતાનો અહેસાસ થયો.

ગુરુજીએ પ્રદ્યુમ્નભાઈનો હાથ પકડ્યો એટલું જ નહિ, પધરામણી દરમ્યાન તેઓને ગુરુજીએ નજીક જ રાખ્યા. ગુરુજીના દિવ્ય સ્પર્શ અને અલ્પ સાંનિધ્યમાં વગર ઉપદેશ વચનોએ પ્રદ્યુમ્નભાઈનું આંતરજીવન પરિવર્તિત થઈ ગયું. તેઓને સહેજે પ્રતીતિ થઈ કે, 'ખરેખર આ સ્વામિનારાયણ ભગવાનના ઘરેથી પધારેલા સાચા સંત, સાચા સત્પુરુષ છે.' ગુરુજીની પ્રભાવી આભાથી તેઓએ મનોમન દૃઢ સંકલ્પ કરી લીધો કે, 'હવેથી આ માવા-મસાલા, ચા, ગુટકા, ડિપ્રેશન ફ્રી રહેવા સિગારેટ લઉં છું તે બધું બંધ.' તેઓને પોતાની કુટેવો માટે ખૂબ પસ્તાવો થવા લાગ્યો. ગુરુજીએ આ અંગે કોઈ વાત ન કરી હોવા છતાં પ્રભાવી સંગથી જ પ્રદ્યુમ્નભાઈનું પરિવર્તન થવા લાગ્યું.

પધરામણી દરમ્યાન ગુરુજીએ નટુભાઈના પરિવાર પર આવેલા સંકટની વાત સાંભળી અને ઉપાય રૂપે ગુરુજીએ તેઓને ઘરના બધા સભ્યોએ ભેગા મળી ધૂન કરવા કહ્યું. ગુરુજી પધરામણી પૂર્ણ કરી પધાર્યા ત્યારબાદ પ્રદ્યુમ્નભાઈએ પિતા નટુભાઈ તથા મોટા ભાઈ લાલાભાઈને કહ્યું, "હું આજથી માવા-સિગારેટનો ત્યાગ કરું છું. હવેથી હું તો નહિ લઉં પરંતુ તમને પણ લાવી નહિ આપું. માટે મારી જોડે ન મંગાવતા." ત્યારે નટુભાઈએ પણ કહ્યું, "બેટા, મેં પણ ગુરુજીના દિવ્ય સ્પર્શ અને સાંનિધ્યથી નક્કી કરી દીધું છે કે હવેથી માવા-મસાલા કે બીજા ફેલફિતૂર નહિ કરું." તેમના મોટા ભાઈ લાલાભાઈએ પણ માવા-મસાલા છોડી દીધા.

ગુરુજીની પધરામણી પછીના થોડા જ સમયમાં ઘરમાં પૂર્વવત્ સુખ-શાંતિ સ્થપાવા લાગી. વળી, જમીનમાં રોકાયેલા પૈસા પણ છૂટા થવા લાગ્યા. પરિવારના સભ્યોમાં સ્વામિનારાયણીય આચારસંહિતા અર્થાત્ શિક્ષાપત્રીના નીતિ-નિયમોનું પાલન થવા લાગ્યું. પરિવારના યુવાન સભ્યો સંસ્થા દ્વારા ચાલતા આદર્શ પ્રૉજેક્ટમાં જોડાઈ ગયા. આજે પરિવારમાં સૌથી બળિયા મુક્ત પ્રદ્યુમ્નભાઈ શિર સાટે સત્સંગની દૃઢતા રાખી મહારાજ અને ગુરુજીના અંતરનો રાજીપો કમાઈ રહ્યા છે.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની જીવો પરની ચૈતન્યભૂમિકાને બદલી જીવમાંથી અનાદિમુક્તની પદવી આપવાની કરુણા તો અકલ્પનીય છે છતાં અજ્ઞાન અવસ્થાએ આપણે આ કૃપાના ધોધને માણી શકતા નથી. પરંતુ આ દિવ્યપુરુષ કેવું પ્રચંડ અને અગાધ સ્વરૂપ છે ! તેઓના રોમ રોમમાં શ્રીહરિનો અખંડ વાસ છે. તેઓ તેમનાં માત્ર દર્શન, સ્પર્શથી સાંનિધ્યમાં આવતા જીવોની અવરભાવની કરવટ બદલવા સામર્થ્યવાન છે.

કોટિ કોટિ વંદન હો... આ દિવ્યપુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન હો...



સત્પુરુષનાં દર્શન, સ્પર્શ અને સમાગમે મોક્ષનું દ્વાર ખૂલે છે.



# સહજમાં રાજીપો

“રાજીપો એક તારો માગું, બીજું કાંઈ નવ જોય રે.”

ગ્રીષ્મ ઋતુના ધોમધખતા તાપમાં આકરી ગરમી સહન કર્યા પછી ધરા વર્ષાઋતુના આગમનની કાગડોળે રાહ જોતી હોય છે. તેમ રાજીપાના માર્ગે આગળ વધી રહેલા મુમુક્ષુમાત્રને મહારાજ અને મોટાના રાજીપાની જ ઝંખના અવિરત રહેતી હોય. મળેલા મહારાજ અને મોટાપુરુષ પાસે ‘સદાય અમારા પર રાજી રહેજો અને રાજીપાના બદલામાં કેવળ એકમાત્ર મૂર્તિનું સુખ આપજો.’ એટલી જ ખેવના રાખવી. આનાથી ઉત્તમ મુમુક્ષુનું લક્ષણ બીજું કોઈ હોઈ ન શકે.

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે જૂના ગેટ ઉપર સિક્યૉરિટી ગાર્ડ સાથે બે મહાત્માજી ઊભા ઊભા ચર્ચા કરી રહ્યા હતા. પોતે ચાલતાં ચાલતાં ઘણા દૂરથી આવ્યા હોવાથી ઠાકોરજી જમાડવાની વ્યવસ્થા અંગે પૂછી રહ્યા હતા. નિશ્ચિત સમયગાળા બાદ આવ્યા હોવાથી ભોજનશાળા બંધ થઈ ગઈ હતી. આથી સિક્યૉરિટી ગાર્ડ મહાત્માજીને પ્રેમથી સમજાવી રહ્યા હતા. પરંતુ મહાત્માજી આગ્રહથી કહેતા હતા કે, “હમે ખાના ચાહિયે હી ચાહિયે. હમ કહાં જાએગેં ?” થોડા સમયમાં જ ચર્ચાએ થોડું ઉગ્ર સ્વરૂપ પકડી લીધું હતું.

એટલામાં ઝોનલ વિચરણ પૂર્ણ કરીને પધારી રહેલા વ્હાલા ગુરુજીની ગાડીએ ગેટમાં પ્રવેશ કર્યો. ગુરુજીની દૃષ્ટિ આ મહાત્માજી પર પડી. વ્હાલા ગુરુજીએ ગાડીમાં બિરાજમાન રહ્યા થકા વિન્ડો ગ્લાસ ઉતારી મહાત્માજીને પૂછ્યું કે, “મહાત્માજી, આપકો ક્યા ચાહિયે ?” મહાત્માજીએ કહ્યું, “સ્વામીજી, હમેં કુછ ભી નહિ ચાહિયે. બસ, આપ હમ પર રાજી રહેના.” નિષ્કામભાવે થયેલી પ્રાર્થના સાંભળી ગુરુજી રાજી થયા. ગુરુજીએ પૂછ્યું, “અરે મહાત્માજી, ઐસા કૈસે ? મૈને દેખા કિ આપ યે સિક્યૉરિટી ગાર્ડ કે પાસ ખાના માગ રહે થે ?” મહાત્માજીએ કહ્યું, “નહિ નહિ સ્વામીજી, ઉનકે પાસ સે ખાના ચાહિયે લેકિન આપ સે રાજીપા ચાહિયે. બસ, આપ હમ

પર દયાદૃષ્ટિ બનાએ રખે, ખુશ રહે ઇતના ચાહિયે. રાજીપા લેના હૈ ઔર કુછ નહિ ચાહિયે.'' ગુરુજી મહાત્માજીની રાજીપામાંગ સાંભળી પુનઃ રાજી થયા.

મહાત્માજીને ગુરુજી પાસેથી રાજીપો જ જોઈએ છે. ગુરુજીએ એમને આ લોકનું માગવા કહ્યું તોપણ તેઓએ રાજીપો જ માગ્યો. એમની રાજીપાની સમજણે-ભૂખે ગુરુજી રાજી થઈ ગયા.

એક ઉત્તમ મુમુક્ષુ તરીકે વિચારવું જ રહ્યું કે મને તો આ દિવ્ય કારણ સત્સંગનો યોગ અને મોટાપુરુષનું સાંનિધ્ય પ્રાપ્ત થયું છે. આવો યોગ મળવા છતાં મોટાપુરુષ પાસે રાજીપા સિવાય આ લોકની વસ્તુ માગીને હું તેમને ઓશિયાળા તો નથી કરતો ને ? મહાત્માજીને આ યોગ નહોતો સાંપડ્યો, આ વાત નહોતી મળી છતાંય એકમાત્ર રાજીપાની જ ભૂખ હતી. શું મને રાજીપાની ભડભડતી ભૂખ જાગી છે ? એવો તપાસ કરીએ અને જો આવો વિચાર આવે તો જ મુમુક્ષુ બનવાના માર્ગે પ્રયાણ કર્યું કહેવાય.

મહાત્માજીના નિર્મળ હૃદયમાંથી આવેલો રણકારભર્યો અવાજ સાંભળી ગુરુજી તેમના પર રાજી થઈ ગયા. એટલું જ નહિ, ગાડીમાંથી નીચે ઊતરી મહાત્માજીને બાથમાં લઈને ભેટી પડ્યા. તેઓએ તેમના પર ખૂબ રાજીપો વરસાવ્યો. 'હરિને ગમે એવા થવું જ છે-૧' પુસ્તિકામાં એક કૃપાવચન આવે છે : ''આપણે મહારાજ અને મોટાપુરુષ તરફ એક ડગલું ભરીશું તો એ આપણા તરફ લાખ ડગલાં ભરશે.'' આવું સાંનિધ્ય મળ્યા પછી મળેલા મહારાજ અને મોટાપુરુષ માટે અંતરે સદાય અહોભાવ વર્તા કરે : આહાહા... કેવો યોગ ! કેવું સાંનિધ્ય... કેવી કરુણા ! ફાવી ગયા ભાઈ, ફાવી ગયા.

વ્હાલા ગુરુજીએ તેઓને કહ્યું, ''હમ આપકો રાજીપા ભી દેંગે ઔર ખાના ભી. હમને ભી ખાના નહિ ખાયા તો હમારે લિયે ખાના રખા હોગા ઉસમેં સે બાંટકર હમ ખા લેંગે.'' એમ કહી વ્હાલા ગુરુજી બંને મહાત્માજી સાથે સંત આશ્રમ તરફ ચાલતાં ચાલતાં પધાર્યા. ગુરુજીએ બંને મહાત્માજીને સંત આશ્રમના રસોડામાંથી જમવાનું લાવી સ્વહસ્તે પીરસ્યું અને લાડુ પણ પીરસ્યા.

મોટાપુરુષ આ લોકમાં શા માટે પધાર્યા છે ? તેનો વિચાર કરીએ. ગુરુજી મહાત્માજી ઉપર આટલા બધા રાજી કેમ થયા ? કારણ કે મહાત્માજીએ ખરે ઠેકાણે માગવાની વાત માગી લીધી. વ્હાલા મુક્તો, નિરંતર તપાસ કરવો કે પીવાનું પાણી હાથ ધોવામાં નથી વપરાઈ રહ્યું ને ? શું સમય આવ્યે હું આ રીતે વર્તી શકું છું ? મોટાપુરુષ મહારાજના સંકલ્પે આ લોકમાં દર્શન આપી રહ્યા છે. એ જે કરવા પધાર્યા છે એ કરીને રહેશે. પણ હું સકામ બનીને નાપાસ થઈને એમના સંકલ્પોમાં અવરોધરૂપ નથી બન્યો ને ? તેનો વિચાર કરીએ. પારકા ફાવી જાય ને પોતાના રહી જાય એવી પરિસ્થિતિનું નિર્માણ આપણા કેસમાં ન થાય તે આપણે જોવું જ રહ્યું.

મહાત્માજીએ જમાડવાનું શરૂ કરતાં પૂર્વે કહ્યું, ''ગુરુજી, આપને તો હમેં બહોત ભાવ સે ખિલાયા, આગ્રહ સે ખિલાયા. પર એક સચ બાત કહે ? ખાના તો સ્વામીજી કહીં ઓર સે ભી મિલ જાએગા, પર હમેં ખાને કે બદલે મેં રાજીપા ન મિલે ઐસા મત કરના. અગર ઐસા હૈ તો હમેં યે ખાના નહિ ચાહિયે. આપ કે પાસ જો રાજીપા હૈ ના વો દે દો ઔર કુછ નહિ ચાહિયે.'' ઉપસ્થિત સંતો પણ મહાત્માજીનો જવાબ સાંભળી ખૂબ રાજી થયા. એકમાત્ર મોક્ષની ઇચ્છા રાખનાર મુમુક્ષુ જ આ રીતે માગી શકે. મહાત્માજીનો જવાબ સાંભળી ગુરુજીએ ફરી વાર તેમના પર ખૂબ રાજીપો વરસાવ્યો અને આશીર્વાદ આપી દીધા, ''જાઓ મહાત્માજી, જહાં સે હમ આયે હૈ, વહાં આપ કો ભી રખ લિયા.'' એમ કહી બાથમાં ભીડી ખૂબ મળ્યા ને રાજી થકા વિદાય આપી.

વાહ ! દયાળુ વાહ ! ફદલમાં ફવડાવી દીધા. 'લાખ-કરોડ જન્મ ધરો ને સત્સંગ કરો પણ કારણ સત્સંગનો એક મિનિટનો જોગ અધિક છે.' આ છે મોટાપુરુષનું બિરુદ. મુક્તો, આ મહાત્માજી આવા દિવ્યપુરુષ અને આ કારણ સત્સંગનો યોગ પામીને ફાવી ગયા ભાઈ, ફાવી ગયા. મુક્તો, મહાત્માજીને ક્યાં આવો યોગ ને સાંનિધ્ય નિરંતર મળે છે ! જ્યારે આપણને તો એ દિવ્યપુરુષ સામેથી બોલાવે છે.

''આ અમારા કહીને બોલાવ્યા છે,
શ્રીજી મૂર્તિમાં રાખવાને આવ્યા છે.''

મોટાએ તો આપણને એમના કર્યા પણ હવે આપણે એમના થઈએ, એમને મારા કરીએ. અને મળેલા મહારાજ અને મોટાપુરુષના સાંનિધ્યને માણતા થકા અહોભાવમાં ડૂબેલા રહીએ.

**સ્વામિનારાયણ લગ્નપ્રથા - સાત્ત્વિક લગ્નોત્સવ**

કારણ સત્સંગના સિદ્ધાંતો મુજબ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ૨૪મો સાત્ત્વિક લગ્નોત્સવ તા. ૮-૧૨-૨૦૨૪ ને રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આ પ્રથામાં એસ.એમ.વી.એસ.ના નિકટવર્તી હરિભક્તોએ અચૂક જોડાવું. આ સાત્ત્વિક લગ્નપ્રથાથી આપણી સર્વોપરી ઉપાસના અને પતિવ્રતાની ભક્તિ અખંડિત રહે, રજોગુણી વાતાવરણથી મુક્તિ મળે, લોકલાજમાં દેખાદેખીથી થતા ખોટા ખર્ચાઓ બંધ થાય તેમજ શ્રીજીમહારાજના દિવ્ય સાંનિધ્ય ને સાક્ષીએ લગ્નોત્સવ થાય જેમાં એમનો અપાર રાજીપો થાય છે. આ લગ્નપ્રથામાં જોડાવા માટે નીચેના હરિભક્તોનો સંપર્ક કરવો :

**અમૃતભાઈ ધૂળાભાઈ પટેલ (સ્વા.ધામ) – ૯૯૨૫૨૩૭૦૧૧**
**અમૃતભાઈ મગનભાઈ પટેલ (વાસણા) – ૯૯૨૫૩૨૦૭૯૫**

 મોટાપુરુષનું હસતું મુખારવિંદ અનંતને નિર્વાસનિક થયાનો રાજમાર્ગ છે.



# ધાર છેલ્લે ક્યારે સજાવેલી ?

એક ઝાડ કાપવાની કંપનીમાં એક કઠિયારો વર્ષોથી કામ કરતો. કઠિયારો ખંતથી કામ કરતો હતો. તેમ છતાં ઝાડ કાપવાની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થતો હતો તેથી તેનો પગાર પણ વધતો ન હતો. કંપનીમાં એક બીજો કઠિયારો પણ જોડાયો. અનુભવ વધતાં તેની ઝાડ કાપવાની ફાવટ વધી. ઉત્તરોત્તર ઝાડ કાપવાની સંખ્યા વધતી જતી હતી. શેઠે તેના કામથી ખુશ થઈ પગાર વધારો કર્યો. આ જોઈ જૂનો કઠિયારો દુઃખી થઈ ગયો. તેણે શેઠને પોતાનો પગાર વધારવા વિનંતી કરી. શેઠે કહ્યું, “તું પણ એના જેટલાં ઝાડ કાપ તો તારો પગાર પણ વધારી આપું.”

જૂના કઠિયારાએ કામ માટે વધુ સમય ફાળવવા છતાં કોઈ પરિણામ ન મળ્યું. છેવટે તે નવા કઠિયારાને મળવા ગયો અને તેની કામ કરવાની પદ્ધતિ વિષે પૂછ્યું. નવા કઠિયારાએ કહ્યું, “હું એક ઝાડ કાપી પાંચ મિનિટ વિશ્રાંતિ લઉં છું. એ દરમ્યાન મારા કુહાડાની ધાર વધુ તીક્ષ્ણ બનાવું છું તેથી બીજું ઝાડ પણ આસાનીથી કપાઈ જાય છે. તેં તારા કુહાડાની ધાર છેલ્લે ક્યારે સજાવી હતી ?” “એ તો મેં ક્યારેય સજાવી જ નથી.” જૂના કઠિયારાએ કહ્યું. “બુઠ્ઠી ધારથી ગમે તેટલી મહેનત કરવા છતાં પરિણામ ન મળે. કામ દરમ્યાન વારંવાર સમયે સમયે કુહાડાની ધાર કાઢતા જવાથી આપણી કાર્યક્ષમતા વધતી જાય છે.” નવા કઠિયારાએ જણાવ્યું.

આવું જ આપણા રોજબરોજના જીવનકાર્યમાં છે. સંસાર-વ્યવહારનાં કામ નિભાવવામાં આપણે એટલા ગળાડૂબ થઈ જઈએ છીએ કે જેનાથી આપણી કાર્યક્ષમતા અને આધ્યાત્મિકતા ઘટતી જાય. વળી, જેનાથી આપણી કાર્યક્ષમતા અને આધ્યાત્મિકતા વધે એવું મહારાજ સાથેનું જોડાણ કરવાનું

પણ ભૂલી જઈએ છીએ. ટૂંકમાં, આપણી કાર્યક્ષમતા ને આધ્યાત્મિકતા વધારવા મહારાજ સાથે જોડાણ જરૂરી છે. તેથી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ સાથે અતૂટ જોડાણ કરવા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ વારંવાર નિમગ્નપણું કરવાનો ઉપાય જણાવ્યો છે.

વાસ્તવિકતાએ નિમગ્નપણું એ અખંડિત રહેવાનું માધ્યમ છે. આપણે અખંડ મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેવાનું છે. પરંતુ અનાદિકાળની દેહભાવે વર્તવાની પ્રૅક્ટિસના કારણે અખંડ દેહ રૂપે વર્તાય છે. તેમાંથી ધીરે ધીરે મૂર્તિ રૂપે વર્તવાની ટેવ પડે તે માટે થોડા થોડા સમયે નિમગ્ન થવાની પ્રૅક્ટિસ કરવી જોઈએ. તો આવા એક મિનિટ જેટલા ટૂંકાગાળામાં નિમગ્ન કેવી રીતે થવું ? તે આજે આપણે શીખવાનું છે.

**નિમગ્નપણું કરવાનાં બે સ્ટેપ છે :**

**સ્ટેપ – ૧ : દેહની વિસ્મૃતિ કરવી.**

મૂર્તિમાં નિમગ્ન થવા માટે સૌથી વધુ અડચણરૂપ હોય તો તે છે આ દેહ અને દેહના ભાવો. જ્યાં સુધી એનાથી પર ન થવાય ત્યાં સુધી મૂર્તિમાં સ્થિર ન થવાય. માટે સૌપ્રથમ આપણા દેહને શાંત અને મનને સ્થિર કરી જ્ઞાનપ્રલય કરવો. જ્ઞાનપ્રલય એટલે જ્ઞાને કરીને અજ્ઞાનનો પ્રલય. શું જ્ઞાન ? તો, દેહ તે હું નથી. દેહના કોઈ ભાવો મારા નથી. આ બધું મિથ્યા છે, અસત્ય છે. જ્યારે હું આ તમામ ઉપાધિથી તદ્દન નોખો છું. સંપૂર્ણપણે પર છું. શુદ્ધ આત્મા-અનાદિમુક્ત છું. આ વિચારે અવરભાવમાત્રની વિસ્મૃતિ કરવી.

જ્યારે દેહની-અવરભાવમાત્રની ખરેખર વિસ્મૃતિ થાય ત્યારે અંતરથી હળવાશ અને શાંતિનો અનુભવ થાય અને ત્યારે જ નિમગ્નપણાનું પ્રથમ સ્ટેપ-ચરણ પૂર્ણ થયું ગણાય.

**સ્ટેપ–૨ : મૂર્તિમાં સ્થિર થવું.**

પ્રથમ સ્ટેપમાં દેહની વિસ્મૃતિ કર્યા પછી આપણું મૂળભૂત લક્ષ્ય જે મહારાજની મૂર્તિ તેમાં એકાગ્ર થવાનું છે અને પછી તેમાં જ નિમગ્ન થવાનું છે. હવે મૂર્તિમાં નિમગ્ન થવા માટે આ રીતે જ્ઞાન વિચાર કરવો. મહારાજ અને મોટાપુરુષે કેવળ કૃપા કરી મને (આત્માને) વર્તમાન ધરાવી નિરાકારમાંથી સાકાર અનાદિમુક્ત કરી દીધો છે, પુરુષોત્તમરૂપ કરી દીધો છે. બસ, હવે દેહના સ્થાને સ્વયં મહારાજ આવીને બિરાજી ગયા છે. અને મને આ જ મૂર્તિમાં પ્રતિલોમપણે રાખી લીધો છે. બસ, હવે મહારાજ જ છે. મહારાજ જ રહ્યા પછી દેખાવ મહારાજનો થયો અને મૂર્તિમાં રહ્યા પછી હવે હું કાંઈ ન કરી શકું.

મારા સંપૂર્ણ કર્તા મહારાજ જ છે. મારે તો સુખ લેવાપણું જ છે. આ ભાવનું વિઝ્યુલાઇઝેશન કરવું અને મહારાજની મૂર્તિના સુખનો અનુભવ કરવો. જેટલું આ મુક્તભાવમાં, મૂર્તિભાવમાં સ્થિર રહેવાય એટલો જ આનંદ અને સુખનો અનુભવ થાય. આવો અનુભવ થાય ત્યારે જ ખરેખર નિમગ્નપણું થયું કહેવાય.

રોજિંદા જીવનમાં વારંવાર જાગૃતિ સાથેની પ્રૅક્ટિસના પરિણામે નિમગ્નપણાની માત્રામાં વધારો થતો જાય. સમયગાળો વધતો જાય અને એક સમય એવો આવી જાય કે સર્વે ક્રિયા નિમગ્નપણામાં રહીને જ થાય. એનું નામ જ અનાદિમુક્તની સ્થિતિ. જ્યાં સુધી આપણને સૌને પહોંચાડવાનો વ્હાલા ગુરુજીનો દૃઢ સંકલ્પ છે. જે સંકલ્પને આપણો પોતાનો કરીને મંડી પડીએ તો જરૂર નિમગ્નપણાના પરિણામો મેળવી શકીશું.

**નિમગ્નપણાના હેતુ :**

(૧) સેવા-પ્રવૃત્તિ દરમ્યાન આપણે એટલા બધા પ્રવૃત્તિરૂપ થઈ જતા હોઈએ છીએ કે, આપણું જીવન એવા શ્રીજીમહારાજને ભૂલી જઈએ. આરતી, માનસીપૂજા રહી જાય. માટે પ્રવૃત્તિમાંથી પાછા વળી મૂર્તિરૂપી મુદ્દો પકડી લેવાય તે હેતુથી નિમગ્ન થવું ફરજિયાત છે.

(૨) ધ્યાન-ભજન, આહ્નિક દરમ્યાન આવતા પ્રવૃત્તિના વિચારોને સળગાવવા માટે નિમગ્નપણું સહાયરૂપ બને છે.

(૩) અખંડ મહારાજમાં જોડાયેલા રહેવાનું છે ત્યારે તૂટક તૂટક મૂર્તિમાં પ્રતિલોમભાવે સ્મૃતિ રાખતાં રાખતાં અખંડ થઈ જાય તેના માટે નિમગ્નપણું જરૂરી છે.

(૪) બહિર્મુખી જીવનમાંથી આંતરમુખી થવા માટેનું સાધન નિમગ્નપણું છે.

(૫) કોઈ પણ ક્રિયા દેહરૂપ થઈ કરવાની ટેવ પડી ગઈ છે તે મૂર્તિરૂપ થઈ કરવાનો અભ્યાસ નિમગ્નપણાથી જ કેળવાય.

(૬) પોતે મૂર્તિમાં ફિટ થયા પછી પોતાનું કર્તાપણું ભૂલી જવાય ને મહારાજનું કર્તાપણું દૃઢ થાય.

આમ, ગુરુજીએ દર્શાવેલી નિમગ્નપણાની અર્થ વિભાવના, રીત અને હેતુની સ્પષ્ટતા સાથે તેની જાગૃતિ રાખતા થકા નિમગ્ન થવાનો અભ્યાસ દિવસ દરમ્યાન વારંવાર કરવાથી જરૂર અનાદિની સ્થિતિના માર્ગે ઝડપથી પ્રયાણ થશે જ એવો વિશ્વાસ છે.


દેહભૂમિકા છોડી આત્મભૂમિકાએ મુક્તભાવ પર સ્થિર થવું તે નિમગ્નપણું.

વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે યુ.કે., યુ.એસ.એ., કેનેડા તથા દુબઈ ખાતે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ




"કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ..."

ગુરુદેવ પ.પૂ. બાપજીના આ સંકલ્પને પૂરો કરવાની જહેમત વ્હાલા ગુરુજીએ હાથ ધરી છે અને આ જ હેતુથી આ વર્ષે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું યુ.કે., યુ.એસ.એ., કેનેડા તથા દુબઈ ખાતે સત્સંગ વિચરણ યોજાયું હતું.

તા. ૧ ઑગસ્ટના પ્રાતઃ કાળે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીએ સંત મંડળે સહિત એરપોર્ટ જવા માટે પ્રસ્થાન કર્યું. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સાથે પૂ. સંતોમાં પૂ. નિયમસ્વામી અને પૂ. કરુણામૂર્તિસ્વામી તથા હરિભક્તમાં પ.ભ. શ્રી જિગરભાઈ પટેલને વિચરણનો લાભ મળ્યો હતો. વહેલી સવારના ૨ વાગ્યે પણ આ દિવ્યપુરુષનાં દર્શન માટે એરપોર્ટ પર ભાવિક ભક્તોની ભીડ ઊમટી પડી હતી. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ કુલ ૪૦ દિવસના વિદેશ વિચરણમાં અનુક્રમે આ રીતે લાભ આપ્યો હતો :

તા. ૨ ઑગસ્ટથી ૮ ઑગસ્ટ દરમ્યાન યુ.કે. ખાતે તથા તા. ૯થી ૨૨ ઑગસ્ટ દરમ્યાન કેનેડામાં ટોરન્ટો, કેલ્ગરી અને એડમન્ટન ખાતે વ્હાલા ગુરુજીનું વિચરણ ગોઠવાયું હતું. તા. ૨૩ ઑગસ્ટથી ૪ સપ્ટેમ્બર દરમ્યાન યુ.એસ.એ.ના સાન ફ્રાન્સિસ્કો, ઍટલાન્ટા, જર્સીસિટી ખાતે તેમજ તા. ૫થી ૯ સપ્ટેમ્બર દરમ્યાન દુબઈ ખાતે વિચરણ કરી વ્હાલા ગુરુજીએ સર્વે પ્રેમીભક્તોને લાડ લડાવી સુખિયા કર્યા હતા.




## દિવ્ય અને ભવ્ય આગમનો

વ્હાલા ગુરુજીના વિદેશ વિચરણની પ્રથમ શરૂઆત યુ.કે. ખાતે લંડન શહેરથી થઈ હતી. તારીખ પહેલી ઑગસ્ટની વહેલી સાંજે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજી સંત મંડળે સહિત લંડન શહેરના હિથ્રો એરપોર્ટ ઉપર પધાર્યા. એરપોર્ટ પર ઉપસ્થિત સર્વે ભાવિક હરિભક્તોના હૈયે હરખનો પાર ન હતો. ધોતી-ઉપરણીમાં સજ્જ સહજાનંદી બાળસેના, સફેદ વસ્ત્રધારી યુવાનો તથા એસ.એમ.વી.એસ.ની લહેરાતી વિજયપતાકાઓ વ્હાલા ગુરુજીના આગમનની ઊર્મિઓ વ્યક્ત કરતી હતી. સૌ કોઈ પોતાના હાથમાં રહેલ પુષ્પગુચ્છ તથા પુષ્પપાંદડીઓ દ્વારા પોતાની ભાવોર્મિઓ નતમસ્તકે અર્પણ કરતા હતા. વ્હાલા ગુરુજીના દિવ્ય આગમનથી વાતાવરણમાં અનેરી દિવ્યતા પ્રસરી હતી.

વ્હાલા ગુરુજીની લંડન ખાતેની ફ્લાઈટ પ્રથમ અમદાવાદથી દુબઈ અને ત્યારબાદ દુબઈથી લંડનની હોવાથી વ્હાલા ગુરુજીને અમદાવાદથી વહેલી સવારે ૨ વાગ્યે પ્રસ્થાન કરવાનું હતું. સ્વાભાવિક છે કે સર્વે સંતો-હરિભક્તો કે જેમણે વ્હાલા ગુરુજીને પોતાનું જીવન માન્યા છે તેઓને તેમનાં દર્શન-સેવાનો આગ્રહ હોય જ. તેમ છતાં વ્હાલા ગુરુજીની રીત કેવી અનેરી ! ગુરુજી હંમેશાં બીજાનો જ વિચાર કરે, બીજાની જ ચિંતા રાખે. બધાને ગુરુજીના દર્શનની તાણ હોય જ તે માટે આગલી સાંજે ગુરુજીએ સ્પેશિયલ દર્શનનો સમય ફાળવ્યો કે જેથી હરિભક્તોને જાગવું ન પડે. વળી, પોતાના પદની, બાહ્યિક ઉદ્‌ઘોષની ગણતી જ નહીં. તેથી વ્હાલા ગુરુજીએ કોઈ પણ સંતો કે હરિભક્તોને સવારે ન જ જાગવા માટે આજ્ઞા કરી સાધુતાની અનેરી રીતનું દર્શન કરાવ્યું હતું. એટલું જ નહિ, અધ્યાત્મના અતિ આગ્રહી ગુરુજીએ વહેલી સવારના નીકળી ગયા હોવાથી જોડેવાળા પૂ. સંતો તથા હરિભક્તોને દરરોજના નિત્યક્રમ મુજબ પ્રાર્થના અને ધ્યાન કરવાનું ન રહી જાય તે માટે ખટકો રખાવ્યો હતો અને ફ્લાઈટની જર્ની દરમ્યાન પણ સમયે સમયે સર્વે નિયમો પૂર્ણ કરાવ્યા હતા. આમ, વ્હાલા ગુરુજીએ સર્વેની આ લોકની અને પરલોકની ચિંતા રાખી હતી.

“જેણે જેણે મારા ગુરુદેવને સમય આવ્યે પોતાના ખભા આપ્યા છે એ તમામ સભ્યોને મારે (ગુરુજીને) તેમના અંતિમ સમયે ખભો આપીને (કાંધ આપીને) ગુરુઋણ ઉતારવું છે.” આ સંકલ્પ મુજબ તા. ૮-૮-૨૦૨૪ના રોજ વ્હાલા ગુરુજીએ સંસ્થાના મુખ્ય ટ્રસ્ટી શ્રી મૂ.નિ. પરષોત્તમભાઈ રામાણીને લંડન ખાતે કાંધ આપી આપેલું વચન નિભાવ્યું હતું. વળી, વ્હાલા ગુરુજીએ ઈન્ડિયામાં સમસ્ત સમાજને તેમની અંતિમયાત્રામાં જોડાઈને ગૌરવભેર વિદાય આપવાની આજ્ઞા કરી હતી.

તા. ૯મી ઑગસ્ટના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજી લંડન વિચરણ પૂર્ણ કરીને કેનેડા ખાતે પધાર્યા. કેનેડાના ભાવિક હરિભક્તોએ ગુરુજીના દિવ્ય આગમનને ઢોલ, વાજિંત્ર, વિજયધજાઓ તથા સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષ સાથે વધાવી લીધું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત સર્વે ભાવિક ભક્તોની મીટ વ્હાલા ગુરુજી તરફ મંડાયેલી હતી જ્યારે વ્હાલા ગુરુજી આ સર્વે સ્વાગતનો શ્રેય વ્હાલા હરિકૃષ્ણ મહારાજને અર્પતા હતા તેનું સ્પષ્ટ દર્શન સૌને થતું હતું. વ્હાલા ગુરુજી એમને અર્પણ થતા નાનામાં નાના પુષ્પને પણ પ્રથમ વ્હાલા હરિકૃષ્ણ મહારાજના ચરણે ધરી દાસત્વભાવની અનેરી રીતનાં દર્શન કરાવતા હતા.

ત્યારબાદ કેનેડા ખાતે ટોરન્ટો, એડમન્ટન અને કેલ્ગરી વિચરણ પૂર્ણ કરી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજી તા. ૨૨ ઑગસ્ટની સંધ્યાએ યુ.એસ.એ.ના સાન ફ્રાન્સિસ્કો (SFO) ખાતે પધાર્યા. ત્યારબાદ યુ.એસ.એ.ના ઍટલાન્ટા તથા જર્સીસિટી ખાતેનું વિચરણ પૂર્ણ કરી વ્હાલા ગુરુજી તા. ૫ સપ્ટેમ્બરના રોજ દુબઈ ખાતે પધાર્યા. દુબઈ એરપોર્ટ પર



ઉપસ્થિત હરિભક્તો વિશિષ્ટ પ્રકારની કોટિ અને ટી-શર્ટ પહેરીને વ્હાલા ગુરુજીના આગમનની ખુશાલી વ્યક્ત કરતા હતા. દુબઈ મંદિરના પ્રાંગણમાં ફૂલની અને દીવાની રંગોળીઓ જાણે સૌના જીવનમાં ઉજાસ અને સુવાસ પ્રસરાવતી હતી. ઊંચાઈ ઉપરથી થતી પુષ્પવર્ષામાં રાજાધિરાજ હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજીનાં દિવ્ય દર્શનથી વાતાવરણમાં ચોમેર દિવ્ય ખુશ્બુ પ્રવર્તી ગઈ અને સૌના હૈયે અનેરી ટાઢકનો અનુભવ થયો હતો.

### સ્નેહવર્ષામાં ભીંજવતી દિવ્ય સાંનિધ્ય શિબિરો

આ સમગ્ર વિચરણ દરમ્યાન લંડન, ટોરન્ટો, કેલ્ગરી, સાન ફ્રાન્સિસ્કો, ઍટલાન્ટા તથા દુબઈ ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિરનું આયોજન થયું. આ શિબિરમાં વ્હાલા ગુરુજીએ સૌ મુક્તજનો પર અપાર સ્નેહ વરસાવ્યો. આ શિબિરમાં ઉપસ્થિત સર્વે હરિભક્તોએ વ્હાલા ગુરુજીથી અતિ નિકટનું સાંનિધ્ય અનુભવ્યું. વ્હાલા ગુરુજી જાણે કેવળ કરુણા વરસાવવા માટે જ ન પધાર્યા હોય !? તેવો ઉપસ્થિત સર્વે હરિભક્તોને અદ્‌ભુત દિવ્યાનુભવ થતો હતો. વ્હાલા ગુરુજીએ શિબિરના પ્રારંભે જ સૌ કોઈ મુક્તોને નિકટ લેતા થકા જણાવ્યું હતું કે, “આ ત્રણ દિવસ દરમ્યાન અમારે તમને ખૂબ લાડ લડાવવા છે. ભેટણ લીલા, પ્રસાદ લીલા, પિરસણ લીલા, ચંદ્ર લીલા, થમ્બ લીલા, સિગ્નેચર લીલા, રંગોત્સવ વગેરે લીલાઓ દ્વારા તમને મૂર્તિના રંગે રંગવા છે.” જેમ મા પોતાના બાળકની તમામ ભૂલોને ભૂલીને તેને ગળે લગાવે છે તેમ સત્પુરુષરૂપી મા એવા વ્હાલા ગુરુજીએ સૌ મુક્તોની ભૂલો ને અપરાધોને માફ કરીને પોતાના બાહુપાસમાં લઈને અપાર સ્નેહ વરસાવ્યો. આ દિવ્ય સાંનિધ્ય શિબિરમાં કોઈ મુક્તને ટી-શર્ટ પર ઠેઠની સિગ્નેચર તો કોઈકને ભાલમાં ઠેઠના ચાંદલાનો લાભ મળ્યો હતો. જે સર્વેના જીવનની અવિસ્મરણીય પળો બની રહી હતી. વળી, ગુરુજી દ્વારા દરેક શિબિરમાં ૧૫થી ૧૭ કલાકનો અસ્ખલિત દિવ્ય અનુભવાત્મક અમૃતવાણીનો લાભ મળતો હતો. જેમાં ‘સર્વોપરી ઉપાસના’, ‘**SMVS** સંસ્થાનો ઇતિહાસ’ તેમજ ‘સત્પુરુષનો મહિમા’ વિષય પર દિવ્ય લાભ મળતો હતો. આ દરમ્યાન ગુરુજી સાથે મુમુક્ષુઓને સ્વજીવનમાં મહારાજ પરત્વે પ્રીતિ વધે તે માટે અંગત બેઠકનો પણ લાભ મળતો હતો.

લંડન ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિરનું આયોજન હતું. તા. ૩ ઑગસ્ટના રોજ રાત્રિ સેશનમાં સંસ્થા ઇતિહાસ પર ગુરુજી લાભ આપી રહ્યા હતા. સંસ્થાના પ્રારંભે આવેલી પરિસ્થિતિમાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ અને તેમની સાથે રહીને ગુરુજીએ વેઠેલાં કષ્ટો, પ્રસંગો પર લાભ ચાલુ હતો. તેમાં ગુરુજીએ વિશેષ જણાવ્યું કે, “આ મહારાજના ઉપાસના-સિદ્ધાંત માટે, નિયમ-ધર્મ માટે અમે ત્રણ વખત સોટીથી માર ખાધો છે. વિઘ્નસંતોષીઓએ માર માર્યો છે અને ૧૦થી ૧૫ વખત મંદિરમાંથી અડધી રાત્રે વિમુખ... વિમુખ... કહીને









તરછોડીને હડધૂત કરીને ધક્કા મારી બહાર કાઢેલા છે. આ બધું સહન કરવાનું થાય તેમાં એક મહારાજના સિદ્ધાંત અને ગુરુદેવના સંકલ્પ સામે દૃષ્ટિ હતી. તેથી ક્યારેય બીજો વિચાર આવતો ન હતો. મહારાજ સહન કરવાનું બળ આપી દેતા.''

આ વખતે એક હરિભક્તે સભા વચ્ચે ઊભા થઈને વ્હાલા ગુરુજીને ભૂતકાળના એવા પાત્રોનાં નામ વિષે પૂછ્યું પરંતુ તેમની વાણીમાં રોષની ભાવના ઝળકતાં વ્હાલા ગુરુજીએ નામ તો ન જ જણાવ્યું પરંતુ આશીર્વચનો વહાવતાં કહ્યું કે, ''તેમણે જાણે-અજાણે આ શરીરનો સ્પર્શ કર્યો છે ને ? માટે અમે આજે પણ મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે, હે મહારાજ ! હે ગુરુદેવ ! અમને જેમણે સોટી મારી છે અને જેમણે હડધૂત કરીને મંદિરમાંથી બહાર કાઢ્યા છે તેમનું પણ કલ્યાણ કરજો. તેમને પણ મૂર્તિના સુખમાં રાખજો.'' આહાહા... કેટલી અનહદ અને અપાર અજાતશત્રુતા, અકલ્પનીય વિશાળતા ! કેવા દિવ્યપુરુષ આપણને મળ્યા છે !! જેમને કોઈ પારકો કે પરાયો નથી. જેમને કોઈ દુશ્મન કે વેરી નથી. એવા દિવ્યપુરુષને કોટિ કોટિ વંદન હજો !

**હરિભક્તોના મનોરથ પૂરા કરવા યોજાઈ પધરામણી**

વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજી પધારતા હોય તેનો આનંદ કોના હૈયે ન હોય ! સૌ હરિભક્તો હરિકૃષ્ણ મહારાજ માટે અન્નકૂટ બનાવતા. રંગોળી કરી સ્વાગત માટે વધાવતા. કોઈ ફૂલનો હાર બનાવી અર્પણ કરતા તો કોઈ સૂકા મેવા કે ફ્રૂટ અર્પણ કરતા. ગુરુજી સૌ હરિભક્તોના પ્રેમભાવને વશ થઈ તેમના મનોરથ પૂર્ણ કરતા અને રાજીપો વરસાવતા. વ્હાલા ગુરુજી એક એક હરિભક્ત સાથે બેસી ચિતાર મેળવતા. અવરભાવમાં સુખ-દુઃખ અંગે પણ પૂછતા તો મહારાજને રાજી કરવાના માર્ગે કેટલું આગળ વધાયું છે તે પણ પૂછતા. જો કચાશ જણાય તો રાજીપો વરસાવી, બાથમાં ભીડી બળ પ્રદાન કરતા. પોતે પરભાવની અલમસ્તાઈમાં રાચનાર સ્વરૂપ છતાંય આપણી સાથે આપણા જેવા બની લાડ લડાવે. વાહ મહારાજ ! આપે કેવી કરુણા કરી !

તા. ૮-૯-૨૪ના રોજ દુબઈ ખાતે વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં બહાર આઈલૅન્ડ પર પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજન મુજબ બપોરે ૩ વાગ્યાથી નીકળી રાત્રે પાછા ફરવાનું હતું. આગલા દિવસે જાહેર સભા પછી દર્શન દરમ્યાન ભરતભાઈ જમનાદાસ પરિવારે વ્હાલા ગુરુજીને રૂબરૂ પ્રાર્થના કરી હતી કે, ''હે વ્હાલા ગુરુજી, શક્ય હોય તો માત્ર ૫ મિનિટ આપ સેવકને ત્યાં દુકાને પધરામણી કરો તો બહુ સારું.''









તેઓનો ભાવ જોઈ ગુરુજીએ પૂ. સંતોને પધરામણીનું આયોજન કરવા અંગે જણાવ્યું. બીજા દિવસે આઈલૅન્ડ પર ગુરુજીના સાંનિધ્યમાં અનેક સ્મૃતિસભર પ્રોગ્રામનું આયોજન થયું હતું. રાત્રે પરત ફરવામાં જ સાડા આઠ વાગી ગયા હતા. અચાનક ગુરુજીએ સામેથી ભરતભાઈને ત્યાં પધરામણી અર્થે જવાનું યાદ કરાવ્યું. વ્હાલા ગુરુજી પધરામણી કરવા પધાર્યા. ગુરુજીને જમાડવાનો સમય થઈ ગયો હોવા છતાં ગુરુજીએ તેમની પ્રાર્થના સ્વીકારી ૨૫ મિનિટ સુધી પર્સનલ સત્સંગ કરાવી અમૂલ્ય લાભ આપી તેમનો મનોરથ પૂર્ણ કર્યો. અવરભાવમાં ગુરુજીને થાક ઘણો લાગ્યો હતો. જમાડવાનો સમય પણ થઈ ગયો હતો છતાંય બધું ગૌણ કરીને પહેલાં હરિભક્તોને સુખ આપ્યાં છે. પોતાનો કોઈ વિચાર જ નહીં. હંમેશાં ગુરુજીનું કોમળ હૃદય હરિભક્તોને તકલીફ ન પડે તે અંગે વિચાર્યા કરે.

### ગુરુજીનાં માતૃવાત્સલ્યનો અનુભવ કરાવતી અંગત બેઠકો

વિદેશમાં કે દેશમાં પણ વ્હાલા ગુરુજી નિકટ આવનાર દરેકની નાનામાં નાની ચિંતા રાખે. એક એક હરિભક્ત સાથે બેસી વ્હાલા ગુરુજી અંગત બેઠકનો લાભ આપે. અંગત બેઠકમાં ગુરુજી આર્થિક અને વ્યવહારિક બંને પાસાને ચકાસી સાંત્વના આપે ને હૈયાધારણ આપે. રાજીપાના માર્ગે ચાલવામાં કોઈ કસર રહેતી હોય તો ગુરુજી તેનું સૉલ્યુશન આપે. મોટાને મૂર્તિનું સુખ આપવાની ત્વરા છે એટલી જો જીવને એ સુખ લેવાની ત્વરા થાય તો આ ને આ જ વખતે કહેતાં છતે દેહે કામ પૂરું થઈ જાય. ગુરુજી આપણને પોતાના દીકરા જાણી આપણી તમામ કોરે ચિંતા રાખે તો આપણે પણ ગુરુજીને મારા માની એમને ભીડો ઓછો આવે તે બાજુ વિચારશીલ બનવું જોઈએ. તો જ ગુરુને પોતાના માન્યા કહેવાય. અંગત બેઠકનો લાભ આપી ગુરુજી સૌને રાજીપાના માર્ગે એક પછી એક ડગ મંડાવતા જાય. 'સાજું બ્રહ્માંડ ફરી આવો પણ મને જે ગુરુજી મળ્યા છે એવા કોઈને નથી મળ્યા.' અંગત બેઠકનો લાભ લીધા બાદ દરેકના મુખે આવા ઉદ્‌ગારો સહેજે સાંભળવા મળતા.

### પરભાવની દૃઢતા માટે ને અવરભાવમાં હેપી ફૅમિલિ કરવા માટે યોજાઈ સભા

ગુરુજી એટલે કથાવાર્તાના આગ્રહી. કેમ કરીને જીવાત્મા બળિયો થાય ? કેમ કરીને મૂર્તિસુખ પામવાના માર્ગે આગળ વધે ? એ માટે ગુરુજીના મુખે નિરંતર કથાવાર્તા વહ્યા કરે; પછી ભલે ને સામે એક વ્યક્તિ હોય કે સભા ભરાઈને બેઠી હોય. એક વખત લાભ આપવાનું ચાલુ થાય એટલે સમય પણ ભૂલી





જવાય. પ્રાતઃ સભામાં વ્હાલા ગુરુજી મૂર્તિસુખની લહાણીના વિષયો પર લાભ આપીને સુખિયા કરતા. વળી, જાહેર સભામાં હેપી ફેમિલિ સંલગ્ન વિષયો પર લાભ આપી અવરભાવ-પરભાવ તથા મંદિર અને ઘરના વ્યવહારોમાં સંતુલન જાળવવાની અલૌકિક રીત શીખવતા. આદર્શ પ્રોજેક્ટ અન્વયે ગુરુજીના સાંનિધ્યમાં **AYP** તથા પ્રિ-મુમુક્ષુના સભ્યો માટે સભા યોજાઈ હતી. આ સભામાં ગુરુજીએ મુમુક્ષુઓને અનાદિમુક્તની લટકે કેવી રીતે વર્તી શકાય એના માટે અનુભવાત્મક ઉપાય આપ્યા તેમજ માર્ગદર્શન આપ્યું હતું. વ્હાલા ગુરુજી પ્રત્યેક સભામાં એવા ખીલતા કે કલાકોના કલાક નવા મુમુક્ષુને દિવ્યજીવનનો રાહ બક્ષી દેતા. એમને એકમાત્ર આલોચ કે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની જેમ છે તેમ ઘેડ પડાવી, અનાદિમુક્તની લટક આપી દેવી. આમ, ગુરુજીએ સૌને ઉન્નત જીવનનું ભાથું આપી, સુખિયા કર્યા છે.

### અગ્રેસર સભા

ગુરુજી તો મહારાજના સંકલ્પથી આ બ્રહ્માંડમાં વિચરીને આપણને સુખિયા કરી રહ્યા છે. અવરભાવમાં ગુરુજી સૌને વ્યવહારકુશળ પણ બનાવે. ‘કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે જ’ના સંકલ્પથી આગળ વધી રહ્યા છીએ તો સત્સંગ કેન્દ્રો પણ વધવાનાં ત્યારે વ્હાલા ગુરુજી દરેક અગ્રેસર મુક્તોને બેસાડી બહુ ઝીણવટપૂર્વક વ્યવહાર કરવાની અનેરી રીત શીખવતા. સમયે સમયે ગુરુજી રિપોર્ટિંગ મંગાવી જરૂર પડે ત્યાં દૃષ્ટિ આપતા, માર્ગદર્શન આપતા. ક્યારેક મીઠો ઠપકો આપતા તો વળી પ્રસાદી આપી બાથમાં ભીડી રાજીપો પણ આપતા. ધન્ય હો ! ધન્ય હો ! આવા દિવ્યપુરુષ પામી, ફાવી ગયા ભાઈ ! ફાવી ગયા.

### સાન ફ્રાન્સિસ્કો સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન

કેલિફૉર્નિયા ખાતે વ્હાલા ગુરુજી સાન ફ્રાન્સિસ્કો પધાર્યા હતા. સૌના હૈયે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીને પધાર્યાનો આનંદ હતો. આબાલવૃદ્ધ સૌ કોઈએ પોતાની હૃદયોર્મિઓથી વ્હાલા ગુરુજીનું ઉમળકાભેર સ્વાગત કર્યું. સૌપ્રથમ વ્હાલા ગુરુજીએ રિબન કાપીને નૂતન સત્સંગ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરી સૌને પ્રવેશ કરાવ્યો. વ્હાલા ગુરુજીએ સિંહાસનમાં બિરાજિત ઘનશ્યામ મહાપ્રભુની મૂર્તિ તેમજ અમીરપેઢીની મૂર્તિને કુમકુમ અર્ચન કરી, પૂજનનો લાભ લઈ આરતી ઉતારી હતી. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ દિવ્યવાણીનો લાભ આપી સૌને મહાત્મ્યની દુનિયામાં ગરકાવ કર્યા હતા.

### એટલાન્ટા ભૂમિપ્રવેશ સમારોહ

મોટાના મુખમાંથી નીકળેલાં વચન ક્યારેય એળે ન જાય. આજે મહારાજનો સંકલ્પ એવો પ્રબળ રીતે કામ કરી રહ્યો છે કે જેના પરિણામે ઍટલાન્ટામાં વ્હાલા ગુરુજીની દિવ્ય નિશ્રામાં નૂતન મંદિર માટેનો ભૂમિપ્રવેશ સમારોહ ઊજવાઈ ગયો. પ્રોગ્રામની શરૂઆતમાં પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીએ પધારી રિબન કાપી નૂતન ભૂમિ પર પ્રવેશ









કરાવ્યો. ત્યારબાદ ગુરુજીના સાંનિધ્યમાં સૌ યજમાન મુક્તો મહાપૂજાનો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા. ઉપસ્થિત સૌ મુક્તોને આજરોજ વ્હાલા ગુરુજીએ દિવ્યવાણીનો લાભ આપી ધન્ય બનાવ્યા હતા.

### અવિરત અને અથાગ વિચરણ

શ્રીજીમહારાજે વનવિચરણ દરમ્યાન ‘દીવો ત્યાં દાતણ નહિ’ એવી રીતે સતત વિચરણ કર્યું હતું. વ્હાલા ગુરુજી પણ આજે આ જ રીતે વિચરણ કરી રહ્યા છે. તા. ૪-૯-૨૦૨૪ના રોજ વ્હાલા ગુરુજી જર્સીસિટીથી દુબઈ ખાતે વિચરણ અર્થે પધારવાના હતા. આથી બોસ્ટનથી કેટલાક હરિભક્તો વ્હાલા ગુરુજીનાં દર્શન-આશીર્વાદનો લાભ લેવા આવ્યા હતા. બપોરે ૧૨ વાગ્યે પૂ. સંતો ગુરુજીને ઠાકોરજી જમાડવા બોલાવવા આવ્યા ત્યારે ગુરુજીએ કહ્યું, “સંતો, આ બોસ્ટનથી હરિભક્તો પધાર્યા છે તો તેમની સાથે ગોષ્ઠિ કરી લઈએ; નહિ તો એમને જવામાં મોડું થાય.” પૂ. સંતોએ કહ્યું, “ગુરુજી, હરિભક્તો થોડી વાર બેસે ત્યાં સુધી આપ ઠાકોરજી જમાડી લ્યો.” ત્યારે ગુરુજીએ કહ્યું, “સંતો, આપણે તો અહીં જ છીએ. આપણે ક્યાંય જવાના નથી માટે પહેલાં હરિભક્તોને મળી લઈએ.” હરિભક્તોને તકલીફ ન પડે તે માટે ગુરુજી બપોરે એક એક જોડે બેઠક પૂરી કર્યા બાદ ૩:૧૫ વાગ્યે જમાડવા માટે પધાર્યા. અને જમાડ્યું શું ? માત્ર સફરજનની ત્રણ ચીર; એક આખું સફરજન પણ નહીં. આજરોજ દુબઈ માટે સાંજે ૭ વાગ્યાનું ફ્લાઈટ હોવાથી સાંજે ૬:૧૫ કલાકે ગુરુજીને ઠાકોરજી જમાડવા બેસવાનું હતું. પૂ. સંતોના નિયમ પ્રમાણે ફ્લાઈટમાં બેઠા પછી ઉપવાસ કરવો પડે. છતાં આટલો દાખડો સહન કરવાની ક્યાં જરૂર હતી ? પોતે સંસ્થાના ગુરુપદે બિરાજમાન છે. જો









હરિભક્તોને થોડા મોડા મળ્યા હોત તો ન ચાલત ? ચાલી જાત. પણ એક જ વિચાર : 'હરિભક્તોને તકલીફ ન પડે.' જો હરિભક્તોને કહ્યું હોત કે થોડી વાર બેસો તો કોઈ ના ન પાડત. છતાં નાનામાં નાના હરિભક્તની ચિંતા વ્હાલા ગુરુજીએ કરી છે ને કરે છે. અવરભાવમાં આ સ્થાને બીજું કોઈ હોય તો આવું ન કરી શકે. પણ વ્હાલા ગુરુજીએ આવી પરિસ્થિતિમાંય હંમેશાં બીજાને જ પ્રાધાન્ય આપ્યું છે. પોતે હંમેશાં ઘસાયા જ કરે છે. વાહ મહારાજ ! શું કહું કૃપા તમારી ? કે આપે આવા દિવ્યપુરુષનું સાંનિધ્ય આપ્યું !

વ્હાલા ગુરુજી સાથે વિચરણનો લાભ લેવા પધારેલા હરિભક્તો તો અવાક થઈ રહેતા અને અહોભાવમાં ડૂબી જતા. આટલી ઉંમરે વ્હાલા ગુરુજીનો નિત્યક્રમ, દૈનિક નિયમોનો આગ્રહ, કથાવાર્તાનો આગ્રહ, અપૂરતી ઊંઘ, પધરામણી હોય કે જાહેર સભા છતાંય એક એકને સમીપ બોલાવી નિકટનું સાંનિધ્ય આપતા જોઈ તેઓ આશ્ચર્યચકિત બનતા. દેહાતીત પુરુષ જ આ રીતે કરી શકે. જેટલી વાર ફ્લાઇટમાં બેસવાનું થાય એટલા ઉપવાસ પડે. છતાંય એ જ સ્ફૂર્તિ સાથે સૌને લાડ લડાવી સુખિયા કરતા. દુબઈ ખાતે આઈલૅન્ડ પર રાખેલ પિકનિકમાં જવા માટે બોટમાં બેસવું પડે. જેમાં લાઈફ જૅકેટ ફરજિયાત પહેરવું પડે. ગુરુજીને એ વાત જાણવા મળતાં કહ્યું, "અમારાથી સીવેલાં વસ્ત્ર ન પહેરાય; મહારાજની આજ્ઞા લોપાય. અને જો એમ કરવું પડે તો અમે બોટમાં નહિ બેસીએ." સંતોના આ નિયમ જોઈ સિક્યૉરિટી ગાર્ડે છૂટ આપી. અને પછી લાઇફ જૅકેટ વિના જ બોટમાં બિરાજ્યા. ગુરુજીએ કહ્યું, "જો નિયમ રાખ્યા તો મહારાજે રક્ષા કરી." આવા સમયે વિદેશના વાતાવરણમાં સાધુતા રાખીને વિચરણ કરવું એ કંઈ નાનીસૂની વાત નથી. ધન્ય હો ! મારા ગુરુજીને ધન્ય હો !

### ગુરુજી એટલે દેહાતીત સ્વરૂપ

વ્હાલા ગુરુજી એટલે આ લોકમાં શ્રીજીમહારાજના સંકલ્પથી વિચરી રહેલું સ્વરૂપ. મોટાની દરેક ક્રિયા હેતુસભર હોય છે. તેઓ જોગમાં આવનારને મહારાજના ગમતાપાત્ર કરી રાજીપાની રીત શીખવે. વ્હાલા ગુરુજી તા. ૫-૯-૨૦૨૪ના રોજ દુબઈ પધાર્યા ત્યારે વિલામાં સંખ્યા ઘણી આવી હતી. રાત્રે સ્નાન-પૂજા કર્યા બાદ સૌને લાભ આપી ગુરુજી પોઢવા પધારતા હતા ત્યારે ગુરુજીએ સાથે રહેલા સંતોને કહ્યું, "સંતો, આજે અહીં હરિભક્તો રોકાવાના છે. અને બાથરૂમ બહુ ઓછા છે. તો સવારે આપ સંતો બધા સેવકના રૂમમાં બાથરૂમ છે ત્યાં પરવારજો જેથી તકલીફ ન પડે." પૂ. સંતોએ કહ્યું, "ગુરુજી, આપ ચિંતા ન કરો. આપને ઉપવાસ છે. આપ વિચરણ કરીને પધાર્યા છો. આપને થાક પણ ઘણો લાગ્યો છે. માટે આપ શાંતિથી આરામ કરજો." છતાં ગુરુજીએ બેથી ત્રણ વખત આગ્રહ કરીને ચિંતા વ્યક્ત કરી. અવરભાવમાં તેઓની ઉંમર પ્રમાણે ખરેખર તેમને આરામ કરવાનો હોય પણ છતાં નાની નાની બાબતોની ચિંતા રાખે છે. ધન્ય હો ! પરહિતકારી સ્વરૂપ





કોન્સ્યુલેટ જનરલ ડો. કે. શ્રીકાર રેડ્ડીને દર્શન-આશીર્વાદ

ગુરુજીને ધન્ય હો !

SFO ખાતે શિબિર દરમ્યાન હરિભક્તો ગુરુજી માટે મંદિરેથી શિબિર સ્થળ પર સોફો લાવ્યા કે જેથી વ્હાલા ગુરુજી તેમાં બિરાજી સહજ રીતે લાંબા સમય સુધી કથાવાર્તાનો લાભ આપી શકે. ગુરુજીએ સોફો જોતાં જ તેના પર બેસવાની ના પાડી દીધી. એના બદલે પ્રથમ નીચે જમીન પર બિરાજી ગયા. ત્યારબાદ ઘણી પ્રાર્થના પછી ગુરુજી એક સાદી પ્લાસ્ટિકની ખુરશીમાં બિરાજ્યા કે જેમાં એક કલાક બેસવું હોય તોપણ મુશ્કેલ થઈ પડે. દિવ્ય સાંનિધ્ય શિબિરમાં આવેલા કેટલાક કિશોરોએ ગુરુજીને કહ્યું, "ગુરુજી, આપે શિબિરની શરૂઆતમાં કહ્યું હતું કે અમે (હરિભક્તો) આપને જે પ્રાર્થના કરીશું તે આપ રાજી થકા સ્વીકારશો. તો દયાળુ આપને ખૂબ લાભ આપવાનો છે માટે આપ આ સોફા પર બિરાજો. આપને તકલીફ પડશે." ગુરુજીએ કહ્યું, "બધી જ વાત સાચી. અમે તમારી બધી પ્રાર્થના સ્વીકારીશું પણ એ તમારા માટે હોવી જોઈએ. અમારા માટે હશે તો નહીં. આમાં અમારા સાધુના નિયમ લોપાય અને સંત તો એ ખરા કે જ્યાં ત્યાં, જેવું તેવું, જેમ તેમ ચલવી લે." અંતે ગુરુજી ખુરશીમાં બિરાજ્યા અને પાંચ કલાક સુધી કથાવાર્તાનો લાભ આપ્યો અને સૌને સુખિયા કર્યા. અવરભાવમાં જો બીજું કોઈ હોય અને આવી સગવડો મળે તો સહેજે સ્વીકારી લે. જ્યારે વ્હાલા ગુરુજી આવા સમયે પણ નાની નાની બાબતમાં પોતાની સાધુતા અકબંધ રાખીને સર્વે સંત સમાજ તથા હરિભક્ત સમાજને મહારાજને રાજી કરવાની રીત શિખવાડે. શું આવું કોઈ સાધારણ દેહધારી વ્યક્તિ કરી શકે ? આ તો આવા પરભાવી પુરુષનું જ કામ.

તા. ૨૫-૮-૨૦૨૪ના રોજ વ્હાલા ગુરુજી સાન ફ્રાન્સિસ્કોમાં પધરામણી અર્થે પધાર્યા હતા. અહીં ઇન્ડિયાના કૉન્સ્યુલેટ જનરલ ડૉ. કે. શ્રીકાર રેડ્ડીને ત્યાં પધરામણી ગોઠવાઈ હતી. ડૉ. રેડ્ડી રાજકીય રીતે મોટું પદ ધરાવે છે. વ્હાલા ગુરુજીની પધરામણી હોવાથી ડૉ. રેડ્ડીની ખુરશીની સામે ગુરુજીને બેસવા માટે ખુરશી ગોઠવવામાં આવી હતી. અહીં ઠાકોરજીની આરતી ઉતાર્યા બાદ વ્હાલા ગુરુજીએ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજને પોતે જ્યાં બેસવાનું હતું તે ખુરશી પર બિરાજમાન કર્યા અને પોતે પાછળ સોફામાં એક કૉમન મૅનની જેમ સ્થાન લીધું. આટલા મોટા પદ પર બેઠેલી વ્યક્તિને મળવા સમયે પણ ગુરુજીએ ઠાકોરજીનું મુખ્યપણું શીખવ્યું. આવી મોભેદાર વ્યક્તિને મળવું કોને ન ગમે ? લોકો જેમને મળવા માટે લાઇન લગાવતા હોય એવી વ્યક્તિને ગુરુજીએ આપણા જીવનમાં મહારાજને જ મુખ્ય કરવાની રીત શીખવી. ડૉ. રેડ્ડી તો ગુરુજીને બે હસ્ત જોડી નતમસ્તકે વંદી રહ્યા. જેમણે પોતાનું કંઈ અસ્તિત્વ રાખ્યું જ નથી ને પોતે સંપૂર્ણ મહાપ્રભુની મૂર્તિમાં ઓગળીને જ વર્તે છે છતાં અવરભાવમાં આપણને એક અનેરી રીત શિખવાડી.

તા. ૭-૯-૨૦૨૪ ને શનિવારે વ્હાલા ગુરુજી દુબઈ ખાતે



પાંચ કલાક સુધી સાદી ખુરશીમાં બિરાજી સભામાં લાભ આપ્યો







દિવ્ય સાંનિધ્ય શિબિરમાં લાભ આપી રહ્યા હતા. દ્વિતીય સેશન દરમ્યાન સત્પુરુષને ઓળખવાનાં લક્ષણો પર વાત ચાલુ હતી. પૂ. સંતોએ કહ્યું, ‘‘ગુરુજીની સાથે વિચરણ દરમ્યાન અમે જ્યાં જ્યાં જઈએ ત્યાં હરિભક્તો અમને પૂછે; સંતો મહારાજ માટે, ગુરુજી માટે કાંઈ લાવવું હોય તો અમને લાભ આપજો. નાના-મોટા વડીલ કે સુખી તમામ હરિભક્તો પૂછે, ગુરુજી માટે કાંઈ લાવવું છે ? આપ પૈસા સામું ન જોતા. ગમે તેવી મોંઘી વસ્તુ હોય પણ અમને આ લાભ આપજો. આવા નિયમ-ધર્મે યુક્ત સંતો અને દિવ્યપુરુષની સેવાનો લાભ અમને મળે ક્યાંથી ? આપ વિના સંકોચે આજ્ઞા કરજો. હરિભક્તો સહેજે પોતાપણાની બુદ્ધિથી આ સેવાનો લાભ લેવાનો આગ્રહ જણાવે. અમે સંતો મૂંઝવણમાં મુકાઈ જઈએ. અમે બહુ વિચાર કરીએ કે ગુરુજી માટે શું કહેવું ? પછી નછૂટકે અમે કહીએ ગુરુજી એવું દિવ્ય સ્વરૂપ છે કે જેમને આ લોકનાં કોઈ પદાર્થ જોઈએ જ નહીં. સત્પુરુષ કોને કહેવાય ? સત્પુરુષને અવરભાવની આ વસ્તુઓનો આગ્રહ હોય જ નહીં. એમને મન બસ એક જ વાત હોય કે જોગમાં આવનાર સૌ કોઈને મૂર્તિસુખના અધિકારી કરવા છે. અને એના માટે જ મોટાપુરુષનું કહેતાં ગુરુજીનું આ બ્રહ્માંડમાં પ્રાગટ્ય છે. અમે ગુરુજીની સાથે રહીએ છીએ. ગુરુજીના જીવનમાં આ એક બાબત સતત દેખાય.’’ મોટાપુરુષનું વિદેશ વિચરણ ફ્લાઇટમાં બેસવું કે બોટમાં બેસવા સુધી સીમિત નથી હોતું. એમના વિચરણથી અનંત જીવોનો મૂર્તિસુખ મેળવવાનો માર્ગ મોકળો થઈ જાય છે. ધન્ય હો ! એવા દેહાતીત પુરુષ મારા વ્હાલા ગુરુજીને.

**મહારાજનું પ્રગટપણું તથા ગુરુમહિમાની પરાકાષ્ઠા**

કૅલ્ગરી ખાતે પ્રાતઃ સભામાં લાભ આપવા દરમ્યાન એક હરિભક્ત બોલ્યા, ‘‘આજે હું અહીં ન હોત. એ ઍક્સિડન્ટ એટલો ભયાનક હતો કે તેને યાદ કરતાં જ કંપન અનુભવાય છે. પરંતુ ગુરુજીની કૃપાથી આજે અહીં તમારી સામે ઊભો છું.’’ પરભાવની અલમસ્તાઈમાં રાચનારા દિવ્યપુરુષ ગુરુજીએ આ ભાઈને તરત અટકાવ્યા ને કહ્યું, ‘‘અમારી કૃપાથી કાંઈ ન થાય. આ તો હરિકૃષ્ણ મહારાજની કૃપાથી થયું છે.’’

‘‘પોતે અખંડ મૂર્તિમાં રહે છે, સંકલ્પે શ્રીજી દેખાય રે.’’

મોટાપુરુષને કોઈ યશ આપે કે, ‘આ આપની કૃપાથી થયું છે’ તો મોટાપુરુષ એ યશ લેતા નથી. યશનો કળશ પોતે મહારાજ ઉપર ઢોળે છે. મોટાપુરુષના જીવનમાં હંમેશાં મહારાજનું કર્તાપણું મુખ્ય જોવા મળે. પોતે દાસ થઈને જ વર્તે, ન્યૂનપણે જ રહે.

ટોરન્ટો વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજી પ્રાતઃ સભામાં લાભ આપી રહ્યા હતા. સભામાં પરષોત્તમભાઈ રામાણીની વાત આવી એટલે ગુરુજી તરત બોલ્યા, ‘‘જેમણે જેમણે મારા ગુરુદેવની અલ્પ સેવા પણ કરી છે, જેમણે મારા ગુરુદેવની ખરા સમયે સાથે રહીને સેવા કરી એ તમામ મુક્તો મારા માટે નમન કરવા યોગ્ય છે. સેવા કરવા તુલ્ય છે.’’ અવરભાવમાં વ્હાલા ગુરુજી સંસ્થાના ગુરુપદે બિરાજે છે છતાં પોતાના ગુરુદેવ માટે કંઈક કરી છૂટનારથી પોતાને ન્યૂન માને છે. આને જ ઓગળીને વર્ત્યા કહેવાય. મોટાપુરુષની રીત બહુ નોખી હોય છે છતાં આપણી સાથે રહી આપણને વિવેકબુદ્ધિ શીખવે છે. ગુરુજી પોતાના શિષ્યો આગળ ક્યારેય ગુરુ તરીકે ઊપસતા જ નથી. કદાચ એટલે જ આને દાસત્વભાવની દુનિયાનું ચરમ શિખર કહી શકાય.

ચાલુ સભામાં સાધુરામભાઈને ઝોકું આવ્યું. ગુરુજીએ ટકોર કરી પણ પછી તરત જ ગુરુજીએ તેમની માફી માગી લીધી. ગુરુજીએ કહ્યું કે, ‘‘સૉરી સાધુરામભાઈ, તમે યુ.એસ.એ.થી ટ્રાવેલિંગ કરી લેટ નાઇટ અહીં કૅનેડા આવી પહોંચ્યા છો. તમને થાક લાગ્યો હશે એટલે તમને ઝોકું આવ્યું હશે. રાજી રહેજો.’’ કેવો દાસત્વભાવ !

વ્હાલા ગુરુજી આ સમગ્ર વિચરણ દરમ્યાન દરરોજ સવારે



**સત્પુરુષની કરુણાએ સ્થિતિ થાય છે.**





પાંચ કલાક અને સાંજે પાંચ કલાક કથાવાર્તાનો લાભ આપી સૌને સુખિયા કરી રહ્યા હતા. અવરભાવમાં આ ઉંમરે થાક પણ લાગે પણ કેવળ મુક્તોને સુખિયા કરવા માટે પોતે આ દાખડા સહે છે. પોતે હંમેશાં મૂર્તિમાં રહી ન્યૂનપણે વર્તે છે. ધન્ય હો ! આવા દિવ્યપુરુષને ધન્ય હો.

### આશીર્વાદની હેલી

તા. ૬-૯-૨૦૨૪ ને શુક્રવારે વ્હાલા ગુરુજી દુબઈ દિવ્ય સાંનિધ્ય શિબિર અંતર્ગત પ્રથમ દિવસે સભામાં લાભ આપવા પધાર્યા હતા. વ્હાલા ગુરુજીએ સભાના પ્રારંભે જ રાજીપા સ્કીમની જાહેરાત કરતાં કહ્યું કે, "આ વખતે અમે ડબલ માર્ક્સની સ્કીમ લઈને પધાર્યા છીએ. અમે જોઈ જોઈને જોયું કે ગમે એટલાં સાધન કરો, જપ, તપ કરો પણ મોટાપુરુષના રાજીપા વિના જીવન પરિવર્તન થવું બહુ અઘરું છે. માટે આ વખતે અમારે તમને ખૂબ રાજીપો આપવો છે. એ રાજીપાથી તમારું જીવન બદલાશે." એમ કહી વ્હાલા ગુરુજીએ રાજીપાની ખૂબ લહાણી કીધી.

વળી, તા. ૭-૯-૨૦૨૪ના રોજ દુબઈ ખાતે વ્હાલા ગુરુજી દિવ્ય સાંનિધ્ય શિબિરમાં લાભ આપી રહ્યા હતા. આજના દિવસે ઉપાસનાની વાત સમજાવતી વખતે વ્હાલા ગુરુજીએ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા ગાતાં જણાવ્યું કે, "અમે તમ સૌ હરિભક્તોને ઑફર કરીએ છીએ કે તમે અહીંના શેખ તથા આરબ લોકોને એક વખત સ્વામિનારાયણ નામ બોલાવજો. મહારાજ એને કારણ સત્સંગમાં ખેંચી લેશે અને કાં તો આ વખતે જ મૂર્તિના સુખમાં લઈ લેશે." એમ કહેતાં ફદલમાં ફવડાવવાના આશીર્વાદની હેલી વરસાવી.

### ઈન્ડિયા ખાતે ભવ્ય આગમન

તા. ૧ ઑગસ્ટથી ૯ સપ્ટેમ્બર સુધી યોજાયેલ વિચરણમાં યુ.કે., યુ.એસ.એ. અને કૅનેડાનું વિચરણ પૂર્ણ કરી અંતમાં વ્હાલા ગુરુજીએ દુબઈ ખાતે વિચરણનો લાભ આપ્યો હતો. દુબઈ ખાતે ૫ દિવસના વિચરણ બાદ વ્હાલા ગુરુજી ઈન્ડિયા પધારવા માટે તૈયાર થયા. દુબઈના ભાવિક ભક્તોએ અશ્રુભીની આંખે વિદાય આપી હતી. વ્હાલા ગુરુજીએ પણ સૌને રાજીપાનાં વચનો કહી 'અમે સદાય તમારી ભેળા જ છીએ.' એવા આશિષ પાઠવ્યા હતા. વ્હાલા ગુરુજી સાથે વિતાવેલી હરએક પળ હરિભક્તોના માનસપટ પર અવિસ્મરણીય બની રહી.

આમ, વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ૪૦ દિવસના વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ ૨૫ પ્રાતઃ સભા, ૮ જાહેર સભાઓ, ૬ દિવ્ય સાંનિધ્ય શિબિરો, ૫૩ પધરામણી, ૧ ભૂમિપ્રવેશ સમારોહ, ૧ નૂતન સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન, ૮ અગ્રેસર સભા, ૨ **AYP** સભા, ૨ પાટોત્સવ, ૨ આદર્શ પ્રૉજેક્ટ શિબિર, ૧૫૪ અંગત બેઠક તથા ૨ મહાપૂજાનો લાભ આપી કુલ ૧૧૨૦૦થી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.





## પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.કે., યુ.એસ.એ. તથા કેનેડા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









જેમ છોડને લીલો રાખવા હવા, પાણી અને પ્રકાશ અનિવાર્ય છે તેમ આધ્યાત્મિક માર્ગ પર ચાલી રહેલા જીવાત્માને લીલો રાખવા સત્સંગની જરૂર પડે છે. આ માટે જ વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. સંતો દેશ-વિદેશમાં વિચરણ કરી સત્સંગ સંવર્ધન કરી રહ્યા છે. કારણ સત્સંગની વિજયપતાકાઓ વિશ્વભરમાં લહેરાવી રહ્યા છે. તા. ૨-૮-૨૦૨૪ના રોજ વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. રાજીપાસ્વામી અને પૂ. સરળસ્વામીનું મંડળ વિદેશ સત્સંગ વિચરણ માટે પધાર્યું હતું. સાથે હરિભક્તોમાં કેતુ મહારાજ, સાગર મહારાજ તથા દેવમભાઈ શાહે લાભ લીધો હતો. તા. ૨-૮-૨૦૨૪થી તા. ૧૮-૯-૨૦૨૪ દરમ્યાન યોજાયેલા સત્સંગ વિચરણ દરમ્યાન આ સંત મંડળ દ્વારા તા. ૩થી ૧૦ ઑગસ્ટ ઍટલાન્ટા, તા. ૧૦થી ૧૪ ઑગસ્ટ શિકાગો, તા. ૧૪થી ૧૬ ઑગસ્ટ ચેરીહિલ; વળી, તા. ૧૭થી ૨૮ ઑગસ્ટ એડિસન તથા જર્સીસિટી ખાતે, તા. ૨૮ ઑગસ્ટથી ૪ સપ્ટેમ્બર ટોરન્ટો ખાતે, તા. ૪થી ૯ સપ્ટેમ્બર બોસ્ટન ખાતે તેમજ તા. ૧૦થી ૧૭ સપ્ટેમ્બર દરમ્યાન જર્સીસિટી તથા લંડન ખાતે સત્સંગ વિચરણનું આયોજન થયું હતું.

મહારાજ-બાપાના સંકલ્પો પૂરા કરવા માટે વિવિધ સત્સંગ પ્રવૃત્તિઓનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પધરામણી, મહાપૂજા, અગ્રેસર તાલીમ, બાળ-કિશોર સભા, અંગત બેઠક તથા શિબિરો દ્વારા હરિભક્તો મહારાજ અને મોટાપુરુષના મહાત્મ્યથી હર્યાભર્યા થયા હતા. વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ પણ ઑનલાઇન દિવ્યવાણીનો તથા દર્શન-આશીર્વાદનો લાભ આપી સૌને સુખિયા કર્યા હતા.

આમ, યુ.કે., યુ.એસ.એ. તથા કેનેડા ખાતે યોજાયેલ ૪૮ દિવસના વિચરણ દરમ્યાન ઠાકોરજીની ૭૫થી વધુ સભા-શિબિરો, ૫૦થી વધુ પધરામણી, ૧૪૦થી પણ વધુ અંગત બેઠક, ૧ સત્સંગ પારાયણ, ૧ પાટોત્સવ, ૧ કિશોર શિબિર, ૨ ટ્રેનિંગ અને ૭૫થી વધુ મિટિંગો દ્વારા ૫૫૦૦થી વધુ હરિભક્તોએ લાભ લઈ મહારાજ અને ગુરુજીને રાજી કરવાના માર્ગે પગરવ માંડ્યા હતા. આમ, આ સત્સંગ વિચરણ પૂર્ણ કરી પૂ. સંતોએ ૧૮ સપ્ટેમ્બરના રોજ ભારત પરત આવવા માટે પ્રસ્થાન કર્યું હતું.



પોતાની ભૂલ ઓળખાય ત્યારે જ ક્ષમા માગી શકાય.






"ગયા નથી આપ સદા ભેળા રહેજો,
પ્રગટપણે રહી નિત્ય રક્ષા કરજો."

અવરભાવમાં ગુરુદેવ પ.પૂ. બાપજીના વિયોગને પાંચ વર્ષ પૂર્ણ થયાં. કારણ સત્સંગની સમજણ પ્રમાણે મોટાપુરુષને આ લોકમાં આવવા-જવાનું હોતું નથી. અવરભાવ છે એટલે એવી રીત દેખાડે. મોટાપુરુષ તો પ્રગટ-પ્રત્યક્ષપણે સદાય આપણી ભેળા જ છે. ક્યારેય ગયા નથી ને જાય એવા પણ નથી. પરંતુ સ્મૃતિ દિન નિમિત્તે મળેલા મોટાપુરુષના મહિમાનું ગાન કરી તેઓએ આપણા પર કરેલા ઋણમાંથી કિંચિત્ અંશે મુક્ત થવા પ્રયત્ન કરીએ.

તા. ૨૪-૮-૨૦૨૪ના રોજ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના પંચમ સ્મૃતિ દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ પ્રાતઃ સમયે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે અનાદિમુક્ત પીઠિકા ઉપર પધારી પૂ. સંતોએ ચંદન તથા પુષ્પહાર વડે ગુરુદેવનાં પૂજન-દર્શનનો લાભ લીધો હતો. સર્વે પૂ. સંતો, પૂ. પાર્ષદ મુક્તો, સમર્પિત મુક્તો, ગુરુકુલ, છાત્રાલય તથા SDIS સ્કૂલના બાળમુક્તો સહિત સ્થાનિક હરિભક્તોએ પણ પીઠિકા પર પધારી દર્શન-આશીર્વાદનો લાભ લીધો હતો. આજના દિને સમસ્ત **SMVS** સત્સંગ સમાજને પીઠિકા દર્શનની આજ્ઞા થયેલ હોવાથી દૂર દૂરથી હરિભક્તો દર્શન માટે પધાર્યા હતા.


આજરોજ **SMVS** સત્સંગ સમાજ માટે રાત્રિ સેશનમાં ૮:૩૦થી ૧૦:૩૦ દરમ્યાન ગુરુદેવ પ.પૂ. બાપજીના પંચમ સ્મૃતિ દિનના મુખ્ય પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામની શરૂઆત કીર્તનભક્તિ દ્વારા થઈ હતી. ત્યારબાદ સર્વે સંતો-હરિભક્તો પ્રત્યક્ષ તેમજ ઑનલાઇન માધ્યમ દ્વારા દિવ્ય શાંતિપાઠ વિધિમાં લાભ લઈ કૃતાર્થ બન્યા હતા. આજના દિને સૌ કોઈ ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમા આકારે થાય તે માટે ગુરુદેવ સંગેના દિવ્યાનુભવોનું ગાન કરવામાં આવ્યું હતું. ગુરુદેવ સદાય પ્રત્યક્ષપણે આપણી વચ્ચે બિરાજમાન છે, સદાય આપણી સાથે જ છે એવો અનુભવ કરાવતી વિડિયો ક્લિપ નિહાળી સૌએ ધન્યતા અનુભવી હતી. જેમાં ગુરુદેવ દ્વારા બોલવામાં આવતા અંગ્રેજી તથા હિન્દી ભાષાના પ્રાસાદિક શબ્દોનો લાભ મળ્યો હતો. આ ઉપરાંત ગુરુદેવને અતિ વ્હાલી કવ્વાલીનું દર્શન કરાવવામાં આવ્યું હતું. ગુરુદેવ કવ્વાલીનો લાભ આપતા હોય અને કોઈ ઊભા થઈને નાચે નહિ એવું બને ? ના બને. મોટી ઉંમરની વ્યક્તિ પણ ખુમારીથી ભરાઈ જાય. આજરોજ કવ્વાલી દરમ્યાન એ જ રીતે ઊભા થઈને સૌ કોઈએ ગુરુદેવ સંગે માણેલી સ્મૃતિઓને તાજી કરી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂ. મૂર્તિસ્વામીએ ગુરુદેવે આપણા પર કરેલા અનંત ઋણમાંથી મુક્ત થવા અંગે મહિમાગાન કરી સૌને બળિયા કર્યા હતા. અંતમાં વિડિયો ક્લિપના માધ્યમ દ્વારા ગુરુદેવે ગુરુજીનો મહિમા કહી સૌની દૃષ્ટિ એક ગુરુજી તરફ કરાવડાવી હતી. આ દિવસોમાં વ્હાલા ગુરુજીનું વિદેશમાં સત્સંગ વિચરણ ચાલી રહ્યું હોવાથી વ્હાલા ગુરુજી વિદેશથી ઑનલાઇન શાંતિપાઠમાં જોડાયા હતા. ગુરુજીએ ગુરુદેવ પ.પૂ. બાપજીનું ચંદન-પુષ્પથી પૂજન કરી આરતી ઉતારવાનો લાભ લઈ ઉપસ્થિત હરિભક્તોને બળ આપી સુખિયા કર્યા હતા. આમ, આજરોજ ૧૬૧૨૩થી પણ વધુ હરિભક્તો પ્રત્યક્ષ તથા ઑનલાઇન માધ્યમ દ્વારા જોડાઈને ગુરુદેવની કરુણાવર્ષામાં ભીંજાયા હતા.

આજરોજથી ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્મૃતિ દિનને 'ગુરુદેવ મહાત્મ્ય દિન' તરીકે ઊજવવાની જાહેરાત કરવામાં આવી હતી. સૌ ઉપસ્થિત મુક્તોએ આ ક્ષણને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને જીવનપ્રાણ

અબજીબાપાશ્રીએ પોતાના સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના સંકલ્પોને સાકાર કરવા **SMVS** સંસ્થાનું નિર્માણ કર્યું. અને તે માટે જીવનપ્રાણ બાપાશ્રીના દિવ્ય સંકલ્પથી આપણા પ્રાણપ્યારા ગુરુદેવ પ.પૂ. બાપજી અને સદ્. મુનિબાપાના આશીર્વાદથી આપણા વ્હાલા ગુરુજીનું આ બ્રહ્માંડમાં પ્રાગટ્ય થયું.

**SMVS**ના નિર્માણ પૂર્વે વ્હાલા ગુરુજી સંત દીક્ષા પામ્યા અને સંસ્થાના આદ્ય સ્થાપક એવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ શ્રી સ્વામિનારાયણ સર્વોપરી સિદ્ધાંત દિગ્વિજય ટ્રસ્ટ એટલે SSSDTના બંધારણમાં ગુરુજીને સંસ્થાના પ્રથમ પ્રમુખ કર્યા. તેઓએ શ્રીજીમહારાજ, બાપાશ્રી અને પોતાના ઠેઠના સંકલ્પોને સાકાર કરવા વ્હાલા ગુરુજીની પોતાના આધ્યાત્મિક અને વ્યવહારિક વારસદાર તરીકે નિમણૂક કરી સંસ્થાને અણમોલ ભેટ આપી, કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાના શ્રીજીમહારાજના સંકલ્પોના પાતાળમાં પાયા નાખી દીધા. કોઈ ગુરુ પોતાની હાજરીમાં પોતાના શિષ્યને આગળ કરે ? અત્યાર સુધીના ઈતિહાસમાં આ કદી નથી બન્યું પરંતુ **SMVS**માં આવી દુર્લભ દિવ્ય પળોના આપણે અનેક વાર સાક્ષી બન્યા છીએ. આમ છતાં વ્હાલા ગુરુજીએ અદ્યપિ પર્યંત પ્રાણપ્યારા ગુરુદેવ પ.પૂ. બાપજીનો દિવ્યભાવે મહિમા ગાયો છે અને આજે પણ ગાય છે. સૌને દિવ્યભાવે મહિમા સમજાવી ગુરુદેવ સામે એક દૃષ્ટિ કરાવી, ગુરુદેવની રુચિમાં-રાજીપામાં વર્તાવી પોતે ગુરુદેવના તથા સૌ સંતો-ભક્તોના દાસ થઈ રહ્યા છે અને આજે પણ રહે છે. પોતે હંમેશાં પાછળ જ રહ્યા અને ગુરુદેવને આગળ કર્યા છે. આમ, સંસ્થાનું સુકાન પોતાના હાથમાં હોવા છતાં ગુરુદેવની મરજીમાં રહી સંસ્થાનો સર્વાંગી વિકાસ કર્યો-કરાવ્યો છે અને આજે પણ કરે છે. ગુરુદેવ કાયમ કહેતા, “જ્યારથી સ્વામી આવ્યા ત્યારથી મને કોઈ ચિંતા રહેવા દીધી નથી. હું નિરાંતે સોફામાં બેસીને સત્સંગ કરાવું છું.” પોતાના ગુરુને નિશ્ચિંતપણું અપાવ્યું એ ગુરુજીના દાસત્વભાવ અને શિષ્યત્વની ચરમસીમા દર્શાવે છે.



પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

ગુરુદેવ પ.પૂ. બાપજીએ દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યારથી સમાજમાંથી સૌ પૂ. સંતો-હરિભક્તોની તથા ટ્રસ્ટીઓની મિટિંગમાં પ્રાર્થના આવતી હતી અને આવી રહી છે કે, “સંસ્થાનાં નાનાં-મોટાં મંદિરો તથા સત્સંગ કેન્દ્રોમાં ગુરુદેવ બાપજીની મૂર્તિ તો સિંહાસનમાં પધરાવી ગુરુદેવની ગરિમા, મહિમા ને ગૌરવ વધાર્યું છે. પરંતુ ગુરુદેવ કાયમ કહેતા કે તમે મારા કરતાં પણ સ્વામીનો (ગુરુજીનો) મહિમા વધુ ગાજો ને સમજજો. હું અને એ (ગુરુજી) જુદા નથી. સ્વામી (ગુરુજી) અમારા સ્થાને છે માટે હવે ગુરુના સ્થાને ગુરુદેવે આપને મૂક્યા છે ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીની સોફામાં જે મૂર્તિ છે તેના સ્થાને વ્હાલા ગુરુજીની મૂર્તિ પધરાવાય તો સારું. જેથી સમાજમાં સૌની ગુરુજી સામે એક દૃષ્ટિ થાય અને ગુરુભાવ દૃઢ થાય જે અત્યંત જરૂરી છે.”

આ અનુસંધાને તા. ૨૩-૯-૨૦૨૪ ને રવિવારના રોજ વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં તમામ પૂ. સંતોની સંત જનરલ ગોષ્ઠિ રાખેલ હતી. ત્યારે વ્હાલા ગુરુજીની હાજરીમાં ઉપરોક્ત બાબતે ઘણી ચર્ચા થયા બાદ ગુરુજીએ આ બાબતે અરુચિ જણાવી હતી અને ‘ગુરુદેવમાં અમે આવી જ ગયા’ એવું જણાવ્યું હતું. આ લોકમાં કોઈ શિષ્ય હોય તો એ તો પૂજાવાની કે માન-મોટપ મેળવવાની રાહ જોઈને બેઠા હોય પરંતુ પરભાવની અલમસ્તાઈમાં રાચનારા ગુરુજીની તો વાત જ કંઈક જુદી છે. અંતે સંસ્થાના નાના-મોટા સર્વે સંતોની તથા સંસ્થાના મોટેરા હરિભક્તોની આગ્રહપૂર્વકની પ્રાર્થના થવાથી સૌને રાજી કરવા ગુરુજીએ ગુરુદેવ પ.પૂ. બાપજીની ગરિમા ઓછી ન થાય તે અનુસંધાને દર્શન ખંડમાં / સભામંડપના સોફામાં મૂર્તિ પધરાવવા છૂટ આપી છે પણ શરત એ કરી છે કે, ‘તે સોફા ઉપર સુંદર ફ્રેમમાં ગુરુદેવની મૂર્તિ રાખવાની છે.’ જે આપણા સૌ માટે અતિ આનંદની વાત છે અને એમાં ગુરુદેવનો પણ ખૂબ રાજીપો છે. ધન્ય હો... ધન્ય હો... આ દિવ્ય કારણ સત્સંગની અમીરપેઢીને ધન્ય હો... વાહ દયાળુ વાહ ! કેવી પરંપરા, કેવી અનોખી રીત ! કેવો યોગ ! ફાવી ગયા. આવા દિવ્ય સત્પુરુષ પામી ફાવી ગયા ભાઈ, ફાવી ગયા. મહાત્મ્યસભર હૈયે આટલું વિચારતાં જ અંતર મહાત્મ્યથી ભરાઈ જાય.



પોતાની ભૂલ ઓળખાય ત્યારે જ ક્ષમા માગી શકાય.





### જય દેવેન્દ્રભાઈ ચૌહાણ – ઇસનપુર

ઈસનપુર સેન્ટરના જય ચૌહાણ UIDમાં (United World Institute of Designમાં) ઍનિમેશનનો અભ્યાસ કરે છે. કૉલેજના એક પ્રૉજેક્ટના ભાગ રૂપે તેઓએ પૂ. સંતોને પ્રાર્થના કરી હતી કે, “મારે મારી સ્કિલ મહારાજ અર્થે વપરાય તેવો પ્રૉજેક્ટ કરવો છે.” પૂ. સંતોએ આ અંગે ગુરુજીને વાત કરતાં વ્હાલા ગુરુજીએ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવન ઉપર પ્રૉજેક્ટ કરવા જણાવ્યું હતું. જય મહારાજે ગુરુજીના આ સંકલ્પને અધ્ધરથી ઝીલી લીધો. ત્યારબાદ પૂ. સંતો સાથે પ્રૉજેક્ટનું પ્લાનિંગ કરતાં કરતાં ગુરુજીની કૃપાથી ૨૦-૨૫ પેજની નાની પુસ્તિકાના બદલે ૮૦ પેજની સુંદર ગ્રાફિક નૉવેલનું પ્લાનિંગ તૈયાર થયું. એક ભણતા વિદ્યાર્થી માટે આ પ્રૉજેક્ટ કલ્પના કરતાં ઘણો મોટો હતો. તેમ છતાં ગુરુજીના વચન પર અતૂટ વિશ્વાસથી આગળ વધતાં ગુરુજીની અનહદ કૃપા ભળી અને માત્ર ૧૦ મહિનાના અથાગ પરિશ્રમથી આ ગ્રાફિક નૉવેલ નિર્માણ પામી. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીની અનહદ કૃપાથી જય મહારાજે કોઈ અનુભવ વગર તથા એવા સાહિત્યના ઊંડા જ્ઞાન વગર જ ગુરુ સંકલ્પે જાતે જ સ્ક્રિપ્ટ લેખન, સ્ટોરી બોર્ડિંગ, પેજ સેટિંગ, લાઇન વર્ક, કલર વર્ક આદિ તમામ સેવાઓ એકલા હાથે પૂર્ણ કરી હતી. જે એમના માટે ચમત્કારથી અધિક કાંઈ નહોતું. જય મહારાજ માટે સૌથી મોટી આનંદની વાત એ હતી કે, આ ગ્રાફિક નૉવેલનું પ્રકાશન માર્ચ મહિનાના અનાદિમુક્ત વિશ્વમ્‌ના શિલાન્યાસ તથા ગુરુદેવ પ.પૂ. બાપજીના ૯૨મા પ્રાગટ્યોત્સવના પ્રોગ્રામમાં થયું. એટલું જ નહિ, એમની UID કૉલેજમાં પણ આ ગ્રાફિક નૉવેલ ખૂબ જ પ્રશંસા પામી તથા અત્યાર સુધીના બેસ્ટ પ્રૉજેક્ટ તરીકે સ્થાન પામી. કૉલેજના મૅનેજમૅન્ટે આ નૉવેલને કૉલેજની એક ઉત્તમ કૃતિ તરીકે કાયમી એમની લાઈબ્રેરીમાં સ્થાન આપ્યું. હજુ ગુરુદેવના રાજીપાનો પ્રવાહ ચાલુ જ હતો. ‘ગુરુદેવ બાપજીની એક દિવ્ય ગાથા’ આ પુસ્તક નૅશનલ લેવલના ‘India’s best student design award’માં ઍનિમેશન કૅટેગરીમાં સૌપ્રથમ સ્થાન પામ્યું હતું. આ ઍવૉર્ડ લઈ તેઓ વ્હાલા ગુરુજીના આશીર્વાદ લેવા આવ્યા ત્યારે ગુરુજીએ રાજી થઈ કહ્યું કે, “જે જે આ ગ્રાફિક નૉવેલનાં દર્શન કરશે તેનું મહારાજ પૂરું કરશે.” એવા દિવ્ય અને ભવ્ય આશીર્વાદની લહાણી કરી હતી. તેમજ જય મહારાજને કહ્યું હતું કે, “તમારાં સર્વે કાર્યો દ્વારા મહારાજ એમના સંકલ્પો પૂરા કરતા રહે.” એવા દિવ્ય આશિષ સહ રાજીપો આપ્યો હતો.

### પ્રવીણચંદ્ર બાબુભાઈ પટેલ – હાલોલ



હાલોલ સેન્ટરના યુવક મંડળના યુવકમુક્ત પ્રવીણભાઈ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ચાલતી શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના અંતર્ગત જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ પારિતોષિક માટે પસંદગી પામ્યા હતા. મહારાજ, બાપા, ગુરુદેવ તથા ગુરુજીના ચરણે એ જ પ્રાર્થના કે તેઓ પોતાની કારકિર્દીમાં આવી ને આવી યશકલગી ઉમેરતા રહે.

### ભૂમિબેન અશ્વિનભાઈ પટેલ – ઘનશ્યામનગર

ઘનશ્યામનગર સેન્ટરના કિશોરીમુક્ત ભૂમિબેને ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ ઑફ ઇન્ડિયા દ્વારા લેવાયેલ સી.એ. ફાઈનલની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. મહારાજ, બાપા, ગુરુદેવ તથા ગુરુજીના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓ પોતાની ઉજ્જવળ કારકિર્દીમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરે.

# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ ખાતે સત્સંગ વિચરણ









વિદેશના મહિલા સમાજમાં કારણ સત્સંગના સિદ્ધાંતોનું પ્રવર્તન કરવા તથા રાજીપાના રાજમાર્ગ તરફ પ્રયાણ કરાવવા **SMVS**નાં વરિષ્ઠ ત્યાગી મહિલામુક્ત પૂ. જાગુબેનનું ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતે સત્સંગ વિચરણ યોજાયું.

તા. ૨૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. જાગુબેન, પૂ. કુંદનબેન, પૂ. રુચિબેન, પૂ. નિકિષાબેન, પૂ. અવનીબેન ઑસ્ટ્રેલિયાના બ્રિસ્બેન સિટી ખાતે પધાર્યાં. સાથે સત્સંગ તેમજ સેવાનો દિવ્ય લાભ લેવા પ.ભ. ધ્રુવીબેન આદેશરા તથા પ.ભ. યાત્રાબેન કાચા પણ જોડાયાં. ઘણા લાંબા સમય બાદ સૌ મુક્તોને પૂ. જાગુબેનનો લાભ મળવાનો હતો તેથી સૌના હૈયે અતિશે આનંદ હતો. બ્રિસ્બેન એરપોર્ટ પર સૌ મહિલા હરિભક્તોએ મહાપ્રભુ તથા પૂ. મુક્તોનું ભાવભીનું સ્વાગત કર્યું. ઑસ્ટ્રેલિયાનાં વિવિધ સિટી જેવાં કે બ્રિસ્બેન ખાતે તા. ૨૪-૭-૨૪થી તા. ૩૦-૭-૨૪, એડીલેટ ખાતે તા. ૩૧-૭-૨૪થી તા. ૪-૮-૨૪, ન્યૂઝીલૅન્ડના ઑકલૅન્ડ સિટી ખાતે તા. ૫-૮-૨૪થી તા. ૧૧-૮-૨૪, સિડની ખાતે તા. ૧૨-૮-૨૪થી તા. ૨૧-૮-૨૪, ઓબરી ખાતે તા. ૨૨-૮-૨૪ તથા મેલબોર્ન ખાતે તા. ૨૩-૮-૨૪થી તા. ૩૦-૮-૨૪ દરમ્યાન સત્સંગ વિચરણ યોજાયું હતું.

દરેક સિટીમાં એક-દિવસીય મહિલા શિબિરનું આયોજન થયું હતું. જેમાં પૂ. જાગુબેને મળેલા મહારાજ અને મોટાપુરુષના મહાત્મ્યથી સૌને રસતરબોળ કર્યા હતા. પિકનિકમાં વિવિધ ઍક્ટિવિટી તથા ગેઈમ્સ દ્વારા સૌએ દિવ્યાનંદ માણ્યો તથા સૌ નાના-મોટા મુક્તો પોતાના સ્વજીવન તેમજ પરિવારમાં ‘હેપી ફૅમિલિ’ના વ્હાલા ગુરુજીના સંકલ્પને સાકાર કરવા દૃઢ સંકલ્પી બન્યા. રોજેરોજની પ્રાતઃ સભા, સાંજની સભા તેમજ મહિમા સભા દ્વારા સમાજ ખૂબ જ મહિમાસભર તથા અસ્મિતાસભર બન્યો. આદર્શ પ્રૉજેક્ટની સભા દ્વારા ઘરના સમાજને પૂ. જાગુબેને ‘જીવનધ્યેયની દૃઢતા’ કરવા તરફ પ્રયાણ કરાવ્યું. એ જ રીતે દરેક સિટીમાં સૌ મુક્તોને પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજના દિવ્ય અભિષેક દ્વારા પ્રેમલક્ષણા ભક્તિ દૃઢ થઈ.


 કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે થશે ને થશે જ. – ગુરુદેવ પ.પૂ. બાપજી

વળી, દિવ્ય રંગોત્સવ, કીર્તન આરાધના, અંગત બેઠકો તથા મહિમા ગોષ્ઠિ દ્વારા સમાજ અત્યંત મહિમાસભર બન્યો. જ્ઞાન ગોષ્ઠિ દ્વારા મહિલા સમાજમાં સિદ્ધાંતની અસ્મિતાનો વિશેષ દૃઢાવ થયો. બાલિકા સભા તથા વિવિધ ઍક્ટિવિટી દ્વારા બાલિકા સમાજ સત્સંગના રંગે રંગાયો. આમ, ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડના વિચરણ દરમ્યાન વિવિધ પ્રોગ્રામો જેવા કે પ્રાતઃ સભા, સાંજની સભા, રાત્રિ સભા, જાહેર સભા, મહિમા સભા, આદર્શ પ્રૉજેક્ટ સભા, SBS સભા, બાલિકા સભા એમ કુલ ૧૧૧ સભાઓ, મહિમા ગોષ્ઠિ, જ્ઞાન ગોષ્ઠિ, મહિલા શિબિર, પિકનિક, અભિષેક, અગ્રેસર ટ્રેનિંગ, કાર્યકર શિબિર, PR ટ્રેનિંગ, રંગોત્સવ, સમૂહ પૂજા, ૧૮૯ પધરામણી તથા ૧૩૦ અંગત બેઠકો દ્વારા સમગ્ર મહિલા સમાજમાં મહિમા તેમજ અસ્મિતાના ખૂંટ ખોડાયા. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. જાગુબેન તથા પૂ. મુક્તો તા. ૩૧-૮-૨૦૨૪ના રોજ વિચરણ પૂર્ણ કરી ઇન્ડિયા પરત પધાર્યાં. ત્યારબાદ વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે અન્ય પૂ. ત્યાગી મહિલામુક્તો ૫૪ દિવસનું વિચરણ પૂર્ણ કરી તા. ૧૪-૯-૨૦૨૪ના રોજ ઇન્ડિયા પરત પધાર્યાં.

---

**પધારો...પધારો...પધારો... બ્રહ્મરસથી ભીંજાવા... મૂર્તિસુખમાં મહાલવા... અચૂક પધારો...**

**નૂતન વર્ષના પ્રારંભે, વ્હાલા ગુરુજીના પરભાવી દિવ્ય સાંનિધ્યનો અવસર એટલે**



# જ્ઞાનસત્ર-૧૮

**૪ ૫ ૬ ૭ ૮ નવેમ્બર ૨૦૨૪**

**કારતક સુદ ત્રીજથી આઠમ સુધી (સોમવારથી શુક્રવાર)**

**જ્ઞાનસત્ર ૧૮નાં આકર્ષણો**

**• પ્રાતઃ ધ્યાન ચિંતનમાં વ્હાલા ગુરુજીનો દિવ્ય લાભ • સંત વ્યાખ્યાનમાળા • દિવ્યજીવન માર્ગીય ગ્રૂપ સભાઓ • બાળ-બાલિકા શિબિર • વ્હાલા ગુરુજીના નિકટ દર્શનનો લાભ**

આ નિભાડો એટલે જ જ્ઞાનસત્ર-૧૮. મૂર્તિમાં જોડાવા માટેનાં વિવિધ ઉપાયો-આયોજનો આ જ્ઞાનસત્રમાંથી પ્રાપ્ત થશે માટે ભૂખ્યા અને ગરજુ મુમુક્ષુઓને પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

નૂતન વર્ષનો પ્રારંભ આધ્યાત્મિક જીવનની ઉન્નતિથી થાય એ જ આપણા માટે ધન્ય અવસર. આપણે અધ્યાત્મ માર્ગનાં ઉચ્ચ શિખરો સર કરવાનાં છે. મોટાપુરુષોએ આપણને કૃપાથી પ્રાપ્તિ કરાવી દીધી છે અને હવે તેઓ સ્થિતિની કૃપા વરસાવવા તત્પર થયા છે. અને તે માટે પ્રથમ આપણને પુરુષોત્તમરૂપ પાત્ર કરવા, નિભાડામાં નાખી પકવવા છે. આ નિભાડો એટલે જ જ્ઞાનસત્ર-૧૮. મૂર્તિમાં જોડાવા માટેનાં વિવિધ ઉપાયો, આયોજનો આ જ્ઞાનસત્રમાંથી પ્રાપ્ત થશે. માટે ભૂખ્યા અને ગરજુ મુમુક્ષુઓને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. રખે ચૂકતા... રખે ચૂકતા... રખે ચૂકતા...

**સ્થળ : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર.**

Ghanshyam, October-2024. Published on 10-10-2024. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.

# દિવાળી સ્પેશિયલ

## સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ-નિયમે યુક્ત ફરસાણ તથા મીઠાઈઓ

ખાસ સત્સંગી બંધુઓ માટે | **૧ કિલોના ભાવ** | શુદ્ધ, સ્વાદિષ્ટ અને પવિત્ર

### નમકીન

| | |
|---|---|
| તીખું ચવાણું | ૨૨૦/- |
| ડ્રાયફ્રૂટ ચવાણું | ૩૪૦/- |
| ખાટું-મીઠું ચવાણું | ૨૨૦/- |
| પૌંવાનો ચેવડો | ૨૨૦/- |
| પંચરત્ન | ૨૨૦/- |
| ઝીણી સેવ | ૨૨૦/- |
| નાયલોન સેવ | ૨૨૦/- |
| તીખી સેવ | ૨૨૦/- |
| મસૂર સેવ | ૨૨૦/- |
| રતલામી સેવ | ૨૨૦/- |
| ભાવનગરી સેવ | ૨૨૦/- |
| આલુ સેવ | ૩૦૦/- |
| બિકાનેરી સેવ | ૩૦૦/- |
| ફુદીના સેવ | ૩૦૦/- |
| ભાવનગરી ગાંઠિયા | ૨૨૦/- |
| ચણાદાળ | ૨૨૦/- |
| ટમટમ | ૨૨૦/- |
| મસાલા મગ | ૨૨૦/- |
| સિંગભજિયાં | ૨૨૦/ |
| મમરી | ૨૨૦/- |
| પાપડી | ૨૨૦/- |
| મસાલા પાપડી | ૨૨૦/- |
| ચણાજોર | ૨૨૦/- |
| સોયા સ્ટિક | ૨૮૦/- |
| સોયા ચિપ્સ | ૨૮૦/- |
| ગળ્યા સક્કરપારા | ૧૮૦/- |
| તીખા સક્કરપારા | ૧૮૦/- |

### પાપડ

| | |
|---|---|
| અડદના પાપડ | ૨૮૦/- |
| પંજાબી પાપડ | ૩૦૦/- |
| મઠિયા (૪૦૦ ગ્રામ) | ૩૦૦/- |
| ચોળાફળી | ૨૮૦/- |

### મીઠાઈ

| | |
|---|---|
| મોહનથાળ (પ્યૉર) | ૪૦૦/- |
| મગસ (પ્યૉર) | ૪૦૦/- |
| ટોપરાપાક | ૩૬૦/- |
| સોનપાપડી | ૩૮૦/- |
| બોમ્બે હલવો | ૩૮૦/- |
| ડ્રાયફ્રૂટ હલવો | ૧૧૦૦/- |
| મૈસૂબ | ૪૦૦/- |
| થાબડી/મથુરા પેંડા | ૪૬૦/- |
| માવા બરફી | ૪૬૦/- |
| કાજુ કતરી | ૮૦૦/- |
| કાજુ બાઇટ્સ | ૧૧૦૦/- |
| કાજુ કસાટા | ૧૧૦૦/- |
| પિસ્તાં રોલ | ૧૨૦૦/- |
| અંજીર રોલ | ૧૨૦૦/- |
| ઘારી | ૬૫૦/- |
| ઘૂઘરા | ૪૦૦/- |
| મિક્સ મીઠાઈ | ૧૦૮૦/- |

### ખાખરા

| | |
|---|---|
| મસાલા ખાખરા | ૨૦૦/- |
| જીરામરી ખાખરા | ૨૦૦/- |
| મેથીના ખાખરા | ૨૦૦/- |

### બિસ્કિટ

| | |
|---|---|
| ઘઉંનાં બિસ્કિટ (સાદાં) | ૧૬૦/- |
| ઓટ્સનાં બિસ્કિટ | ૩૮૦/- |
| બેકરી બિસ્કિટ (સાદાં) | ૧૬૦/- |
| મિક્સ કુકીસ | ૧૬૦/- |

### ફરાળી

| | |
|---|---|
| કેળાં વેફર | ૨૬૦/- |
| કેળાંનો ચેવડો | ૨૮૦/- |
| બટાકા વેફર | - |

### ડ્રાયફ્રુટ બોક્ષ

| | |
|---|---|
| ડ્રાયફ્રુટ બોક્ષ | ૫૦૦/- |

### મુખવાસ

| | |
|---|---|
| મુખવાસ (૧૦૦ ગ્રામ) | ૫૦૦/- |




**સંસ્થાના તમામ મંદિરોમાં ઓર્ડર નોંધવામાં આવે છે...તો આપનો ઓર્ડર આજે જ નોંધાવો...**

### ખાસ નોંધ

૧. વહેલા તે પહેલાંના ધોરણે ઑર્ડર નોંધાવવો. ૨. ઑર્ડર નોંધાવતી વખતે પૂરેપૂરી રકમ જમા કરાવી, પહોંચ મેળવી લેવી.

૩. પૌંવાનો ચેવડો, પાપડી, મસાલા પાપડી, ગળ્યા સક્કરપારા, તીખા સક્કરપારા, મસાલા ખાખરા, જીરામરી ખાખરા, મેથીના ખાખરા, ઘઉંનાં બિસ્કિટ (સાદાં ઘીનાં), ઓટ્સનાં બિસ્કિટ, બેકરી બિસ્કિટ (સાદાં), મિક્ષ કુકીસ, કેળાં વેફર, બટાકા વેફર, કેળાં ચેવડો જેનું પૅકિંગ ૨૫૦ ગ્રામમાં જ આવશે. ૪. અડદના પાપડ, પંજાબી પાપડ, ચોળાફળી, ડ્રાયફ્રુટ બોક્ષ ૫૦૦ ગ્રામમાં અને મઠિયા ૪૦૦ ગ્રામના પૅકિંગમાં જ આવશે. ૫. મુખવાસનું પૅકિંગ ૧૦૦ ગ્રામમાં જ આવશે. ઑર્ડર નોંધાવવાની અંતિમ તા. ૯-૧૦-૨૦૨૪ રહેશે. ૬. ઑર્ડર આપ્યા બાદ કોઈ કારણોસર ઉપર જણાવેલ આઇટમમાંથી કોઈ પણ આઇટમ ઉપલબ્ધ ન થાય તો તેની રકમ પરત કરવામાં આવશે. ૭. વસ્તુનું વિતરણ એસ.એમ.વી.એસ.ના દરેક સેન્ટરમાંથી તા. ૨૮-૧૦-૨૦૨૪થી કરવામાં આવશે.

: વધુ માહિતી માટે નીચે જણાવેલ સભ્યોનો સંપર્ક કરવો :

ઘનશ્યામભાઈ પટેલ - ૯૮૨૫૦૪૪૧૬૦ ● સચિનભાઈ પટેલ - ૯૯૭૯૮૫૫૦૯૯ ● જયંતિભાઈ પટેલ - ૯૯૨૫૦૬૬૪૯૧ ● મુકેશભાઈ ચોડવડીયા-૯૪૨૯૪૩૯૯૦૯